Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૧૦ : અંક ૪] તંત્રી–ચીમનલાલ ગોકળદાસ શાહ [ક્રમાંક ૧૧૨

## વિ ષ ય – દ ર્શ ન


| | | |
|---|---|---|
| (૧) શ્રીધર્માનન્દ કૌશાંબીએ કરેલ આક્ષેપોનો વિરોધ. | | ટાઇટલ પાનું ૨ |
| (૨) જૈનાશ્રિત કલા | શ્રી. સારાભાઇ મણિલાલ નવાબ | ૪૧ |
| (૩) पांच अप्रकाशित लेख | पू. मु. म. श्री. कांतिसागरजी | ૪૭ |
| (૪) સ્યાદ્વાદ અને નય | એક વિદ્યાર્થી | ૪૯ |
| (૫) पूजनमें भी दया | पू. मु. म. श्री. विक्रमविजयजी | ૫૩ |
| (૬) નિહ્નવવાદ | પૂ. મુ. મ. શ્રી, ધુરંધરવિજયજી | ૫૫ |
| (૭) એક રૂપેરી અક્ષરના કલ્પસૂત્રની પ્રશસ્તિ : | પૂ. મુ. મ. શ્રી. જયંતવિજયજી | ૬૧ |
| સમાચાર : નવી મદદ | | ટાઇટલ પાનું ૩ |


લવાજમ–વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક–ત્રણ આના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ધર્માનન્દ કૌશાંબીએ કરેલ આક્ષેપોનો વિરોધ.

[ શ્રીધર્માનન્દ કૌશામ્બીએ તેમના 'ભગવાન્ બુધ્ધ' નામક પુસ્તકમાં જૈનસંસ્કૃતિ અને ભગવાન મહાવીર સ્વામી ઉપર માંસાહારના જે આક્ષેપો કર્યાં છે, તે આક્ષેપોનો વિરોધ કરવા માટે તા. ૨૪-૧૨-૪૪ના રોજ મુંબઇમાં હીરાબાગમાં, શ્વેતામ્બર, સ્થાનકવાસી અને દિગંબર એ ત્રણે ફિરકાની એક સભા શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા સોલીસીટરના પ્રમુખપદે મળી હતી. એ સભામાં નીચે મુજબ ત્રણ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. —તંત્રી. ]

## ઠરાવ ૧

"મુંબઈના ત્રણે ફિરકાના સમગ્ર જૈનોની આજે મળેલી જાહેર સભા ઠરાવ કરે છે કે શ્રી ધર્માનંદ કૌશાંબીએ 'ભગવાન્ બુદ્ધ' નામક પુસ્તકમાં જૈનધર્મ અને તેના સિદ્ધાંતો, અને ખાસ કરીને જૈન શ્રમણો અને તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના આહાર વિગેરે અંગે અર્થનો અનર્થ કરી જે અસત્ય અને અઘટિત આક્ષેપો કરી જૈન સમાજની લાગણી દુભાવી છે તે માટે આ સભા સખેદ સખ્ત વિરોધ જાહેર કરે છે. અને શ્રીયુત ધર્માનંદ કૌશાંબીને તેમના તે પુસ્તકોમાં જે વાંધાભર્યા ઉલ્લેખો છે તે પાછા ખેંચી લેવા અથવા સુધારવા તેમજ ભવિષ્યમાં તે ન પ્રગટ કરવા વિનંતી કરે છે.

આ ઠરાવની નકલ ઘટતે સ્થલે મોકલવા ઠરાવવામાં આવે છે."

## ઠરાવ ૨

"જૈનધર્મ" તેનાં શાસ્ત્ર, સિદ્ધાંતો, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, ચરિત્રનાયકો આદિ ઉપર અનેક પ્રસંગે જૈનેતરો દ્વારા થતાં અઘટિત આક્ષેપો અને લખાણોના પ્રતિકાર અને ખાસ કરીને શ્રી ધર્માનંદ કૌસાંબી પાસેથી સંતોષકારક જવાબ અને ખાત્રી મેળવવા માટે સર્વ પ્રકારની યોગ્ય કાર્યવાહી કરવા આ સભા નીચેના સભ્યોની એક સમિતિ, પોતાની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે, નીમે છે.

આ બાબતમાં પૂજ્ય જૈનાચાર્યો, મુનિવર્યો તથા વિદ્વાન બંધુઓ વગેરેને સર્વ ઉપયોગી સાહિત્યસામગ્રી આદિ પૂરી પાડવા અને સમિતિને સહાયતા કરવા આગ્રહપૂર્વક વિનંતી કરે છે.

### સમિતિના સભ્યો

**મંત્રીઓ**

ડૉ. ચીમનલાલ એન. શ્રોફ
શ્રી. રતનચંદ ચુનીલાલ
શ્રી. ચીમનલાલ પોપટલાલ શાહ

**સભ્યો.**

શેઠ મોતીચંદ ગિ. કાપડિયા, સોલીસીટર
શેઠ મોહનલાલ બી. ઝવેરી, સોલીસીટર
શેઠ ખીમચંદ મગનલાલ વોરા
શેઠ ચીમનલાલ ચ. શાહ, સોલીસીટર
શેઠ કાંતિલાલ પ્રતાપશી
શેઠ મહાસુખલાલ દીપચંદ
શેઠ શાંતિલાલ મગનલાલ શાહ
શેઠ લલ્લુભાઈ કરમચંદ દલાલ.

## ઠરાવ ૩

"શ્રી ધર્માનંદ કૌશાંબીએ લખેલ 'ભગવાન્ બુદ્ધ' નામક પુસ્તકમાં જૈનધર્મના સિદ્ધાંતો વિરુદ્ધ અનેક બાબતો હોવાથી, મુંબઈના સમગ્ર જૈનોની આ જાહેર સભા તે પુસ્તકના પ્રકાશક સુવિચાર પ્રકાશક મંડળ લિમિટેડ, નાગપુર અને પુનાને આ પુસ્તકનું બીજું પ્રકાશન પ્રસિદ્ધ ન કરવા વિનંતી કરે છે."

—"જૈનપ્રકાશ" તા. ૨૮-૧૨-૪૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

| वर्ष १० | विक्रम सं. २००१ : वीरनि. सं. २४७१ : ई. स. १९४४ | क्रमांक |
|---|---|---|
| अंक ४ | माह शुदि २ : सोमवार : १५ मी जान्युआरी | ११२ |

# જૈનાશ્રિત કલા

વક્તા—શ્રી. સારાભાઇ મણિલાલ નવ

ગુજરાત સાહિત્ય સભા તરફથી ભરવામાં આવેલ "ઇતિહાસ–સંમેલન"ની સાથે સાથે "ઇતિહાસ–પ્રદર્શન" યોજીને તેના કાર્યવાહકોએ દૂરઅંદેશી વાપરેલી છે. આ પ્રદર્શનમાં સહકાર આપનાર મુખ્ય મુખ્ય સંસ્થાઓ તથા વ્યક્તિઓના પરિચય મુરબ્બી રવિશંકર રાવળ આપની સમક્ષ કરાવી ગયા, અને બાકીનો–ખાસ કરીને અત્રે રજુ કરવામાં આવેલી જૈનાશ્રિતકળાનો–પરિચય કરાવવાનું મને સાહિત્ય સભાના કાર્યવાહકો તરફથી કહેવામાં આવેલ છે.

ગુજરાતનાં જૈનાશ્રિત શિલ્પસ્થાપત્યોનો તથા ગુજરાતની જૈનાશ્રિત કળાનો પરિચય સાધવા છેલ્લાં ચૌદ વર્ષથી હું બનતો પ્રયત્ન કરી રહ્યો છું, પરંતુ હજુ સુધી તેનો સંપૂર્ણ પરિચય સાધવા હું ભાગ્યશાળી થયો નથી.

ભારતવર્ષની ત્રણ મુખ્ય સંસ્કૃતિઓ–વૈદિક, બૌદ્ધ અને જૈન પૈકીની–જૈન સંસ્કૃતિએ પણ કલા અને સાહિત્યનો સમાદર કરી ઇતિહાસમાં અમર પગલાં પાડયાં છે. ભગવતી સરસ્વતીના ઉપાસક જૈન વિદ્વાનોએ છેલ્લાં બે હજાર વર્ષમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતી વગેરે દેશભાષાઓમાં વિવિધ વિષયો ઉપર અનેકાનેક પ્રકારની ઉત્તમ સાહિત્યિક કૃતિઓનું સર્જન કરીને ભારતના જ્ઞાનભંડારમાં જેમ અનુપમ વૃદ્ધિ કરી છે, તેમ લક્ષ્મીદેવીના આરાધક જૈન ધનપતિઓએ પણ ભારતનાં અનેક પ્રદેશો, નગરો, ગામો, પર્વતો, અને જંગલોમાં નાનાપ્રકારનાં સ્તૂપો, સ્તંભો, ચૈત્યો, મંદિરો, દેવકુલો, વિહારો અને ધર્માગારો આદિના રૂપમાં અસંખ્ય સ્થાપત્યાત્મક કીર્તનોનું નિર્માણ કરીને ભારતીય સ્થાપત્યકલાના ઉત્કર્ષમાં અનન્ય પૂર્તિ કરી છે. અને ભાવૂક જનસમૂહના હૃદયોને પ્રભુભક્તિ તથા પરમાત્મ–પ્રાર્થનામાં તલ્લીન થવા માટે ભવ્ય આશ્રયસ્થાનો અને ઉપાસ્ય રૂપકોની રચના કરવામાં અનંત દ્રવ્યવ્યય કર્યો છે. ક્રૂર કાલના પ્રભાવે અને વિદ્વેષી વિધર્મીઓના અત્યાચારે એ જૈનાશ્રિત શિલ્પસ્થાપત્યોનો ઘણોખરો ભાગ નષ્ટ કરી નાખ્યો છે, છતાં આજે પણ જે કંઈ વિદ્યમાન છે તે પોતાના સ્વરૂપમાં અસાધારણ અને અપરિમિત છે, એની ગણના કરવી કઠિન છે અને એનું મૂલ્યાંકન થવું અશક્ય છે. પુરાતત્ત્વવિદ્ શ્રીજિનવિજયજીના શબ્દોમાં કહીએ તો "આખાય ભારતવર્ષમાં વસતા જૈનો પાસે વર્તમાનમાં જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કાંઈ ધન સંપત્તિ હશે તેના કરતાં સેંકડો-હજારો ગણી વધારે સંપત્તિના મૂલ્યવાળા આ વિદ્યમાન જૈન સ્થાપત્ય-અવશેષો છે. જૈનોનાં આ સ્થાપત્યાત્મક કીર્તનોનો સમુચ્ચય ભારતીય કલા, સંસ્કૃતિ અને સમૃદ્ધિનાં અદ્વિતીય અલંકરણો છે. અખંડ ભારતની એ રાષ્ટ્રીય પૈત્રિક સંપત્તિ છે. એ સંપત્તિનો પરિચય કરવો એ માત્ર જૈનનો જ નહિ પરંતુ દરેક ભારતીય સંતાનોનો ધર્મ અને અભિલાષ હોવો જોઈએ."**

જૈન શ્રીમાનોએ જેવી રીતે જૈનાશ્રિત શિલ્પસ્થાપત્યોનું નિર્માણ કરાવ્યું છે તેવી જ રીતે જૈનધર્મના કલ્પસૂત્ર, કાલકકથા, સંગ્રહણી સૂત્ર, ક્ષેત્રસમાસ, લોકપ્રકાશ, ધન્નાશાલિભદ્રરાસ, શ્રીપાળરાસ, વગેરે ધાર્મિક ગ્રંથોમાં, તથા ચંદનમલિયાગિરિ ચઉપઇ, ઢોલામારવણીની કથા વગેરે લોકસાહિત્યના ગ્રંથોમાં, અને રતિરહસ્ય, અનંગરંગ તથા કોકચઉપઇ વગેરે કામશાસ્ત્ર વિષયના ગ્રંથોમાં તેમજ સૂરિમંત્ર, વર્દ્ધમાન વિદ્યા, સિદ્ધચક્રયંત્ર, જંબૂદ્વીપ તથા અઢીદ્વીપ વગેરેનાં કપડાં પરનાં ચિત્રપટોમાં અને તાડપત્રીય હસ્તપ્રતોમાં તથા તાડપત્રીય હસ્તપ્રતોને બાંધવાની કાષ્ટપટ્ટિકાઓમાં પણ હજારોની સંખ્યામાં ચિત્રો ચીતરાવીને ભારતીય ચિત્રકલાના ઇતિહાસમાં ઈ. સ. ના અગિયારમા સૈકાથી પંદરમા સૈકા સુધીના અંધકારયુગના જમાનામાં, ભારતીય ચિત્રકલાની સાંકળ અતૂટ રાખવાનું મહદ્ કાર્ય કર્યું છે.

આ પ્રસંગે હું હું ભારતભરમાં પથરાએલાં જૈન શિલ્પસ્થાપત્યોનો અથવા જૈનાશ્રિત ચિત્રકલાનો પરિચય આપવા માટે ઊભો થયો નથી, પરંતુ મારા "જૈનચિત્રકલ્પદ્રુમ"નામના ઈ. સ. ૧૯૩૬માં પ્રસિદ્ધ થએલા ગ્રંથના પ્રકાશનકાળ પછી જે જે વિશિષ્ટ પ્રકારનાં સ્થાપત્યસર્જનો અને હસ્તલિખિત સચિત્ર ગ્રંથો મારા જોવામાં આવેલા છે, તેનો નામનિર્દેશ જ કરવા માંગું છું, અને તે દ્વારા મારા અભ્યાસી મિત્રોનું વર્ષોથી ઉપેક્ષિત કરાએલા આ વિષય તરફ લક્ષ ખેંચવા ધારું છું.

શત્રુંજયપરની દેવનગરીઓ, ગિરનાર પર્વતપરના મોટા ઉઠાવનાં દેવમંદિરો અને આબુ પર્વત પરની દેવમહેલાતોથી તો આપ સર્વે પરિચિત હશો જ, પરંતુ દેલવાડાના વિમલમંત્રીએ બંધાવેલ ઋષભદેવનું મંદિર તથા વસ્તુપાલ તેજપાલની બાંધવ બેલડીએ બંધાવેલ શ્રીનેમિનાથજીનાં મંદિરો તેની સ્થાપત્યકલા માટે જેટલાં મશહૂર છે, તેવી જ સ્થાપત્યકલા બલ્કે કેટલીક બાબતોમાં તેનાથી પણ ઉચ્ચકોટિની સ્થાપત્યકલા ધરાવતાં, ગિરિરાજ આબુની સામી જ દિશાએ આવેલ આરાસુર પર્વતપરનાં કુંભારીયાજીનાં મંદિરોના નામથી ઓળખાતાં પાંચ મંદિરો પૈકીનાં શ્રી શાંતિનાથજી, શ્રી પાર્શ્વનાથજી તથા શ્રી મહાવીરસ્વામીનાં ત્રણ મંદિરો થોડાક અપવાદ સિવાય હજુ સુધી કલાપ્રેમીઓની જાણમાં પણ આવ્યાં નથી. કુંભારીયાજીનાં ત્રણ મંદિરોની છતોમાં ગોળફરતાં લોલકો તથા આરસમાં કોરેલાં જૈન જાતકોનાં દશ્યો જોતાં જ તે ઘડનાર કલાકારો પ્રત્યે આપણને માન ઉપજે છે.

કુંભારીયાજીનાં ઉપરોક્ત જિનમંદિરો સિવાય પણ આબુ પર્વતને ફરતાં બાર ગાઉની અંદર ગુજરાતની શિલ્પસમૃદ્ધિનાં જે કલાવશેષો પથરાએલા છે તેની તપાસ માટે ગુજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાતના કલાપ્રેમીઓએ ખાસ પ્રવાસો ગોઠવવા જોઈએ. આબુ પર્વત અને સીરોહીની વચ્ચે જંગલમાં મીરપુર ગામના જૈન દેરાસરનું સ્થાપત્ય પણ દેલવાડાનાં સ્થાપત્યકામોની સરખામણીમાં જરાયે ઊતરે તેમ નથી. જૈન સમાજમાં નાના, બેડા, નાદીઆ, લોટાણા, અને દીઆણા એ પાંચ ગામોનાં જૈનમંદિરો મારવાડની નાની પંચતીર્થી તરીકે પ્રસિદ્ધ છે. તેમાંયે નાના, બેડા અને નાંદીઆનાં જિનમંદિરોમાંના કેટલાંક શિલ્પો તો આઠમા સૈકાથી શરૂ કરીને અગિયારમા સૈકા સુધીનાં સુંદર કલારૂપકો છે, અને ખાસ કરીને નાંદીઆના દેરાસરની મૂળનાયકની સુંદર મોટી મહાવીર સ્વામીની મૂર્તિની બરાબરી કરી શકે તેવું શિલ્પ ભાગ્યે જ બીજે હશે. આ સિવાય મોટી પંચતીર્થીના નામથી પ્રસિદ્ધ શ્રી રાણકપુરજીનો ધરણવિહાર કે જેનો જીર્ણોદ્ધાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી હસ્તક હાલમાં જ લગભગ પોણા પાંચ લાખના ખર્ચે સંપૂર્ણ થયેલ છે અને જેના ફોટાઓ અત્રેના પ્રદર્શનમાં રજુ કરવામાં આવેલાં છે, જે જોવાથી તેની શિલ્પસમૃદ્ધિની કાંઈક ઝાંખી થશે. વળી સાદડીના ૧૧મા સૈકાના જિનમંદિરનું સ્થાપત્યકામ તથા તેની નજીક આવેલું બારમા સૈકાના શિલાલેખો અને સુંદર થાંભલાઓ તથા સ્થાપત્યકામો ધરાવતું એક હિંદુમંદિર કોઈ કલાપ્રેમીની ઉદાર મદદથી જીર્ણોદ્ધાર કરાવવાની વાટ જોતું ઊભેલું છે. સાદડીથી છ માઇલ દૂર ઘાણેરાવ ગામનાં ૧૧ જિનમંદિરો પૈકીનાં કેટલાંક જિનમંદિરો અને ઘાણેરાવથી માત્ર ૩ માઇલ દૂર આવેલ દસમા અથવા અગિયારમા સૈકાની સ્થાપત્યસમૃધ્ધિ ધરાવતું મૂછાળા મહાવીરનું જિનમંદિર, ઘાણેરાવની નજીક આવેલ નાડલાઈના નવ જિનમંદિરોનાં સ્થાપત્યકામો તથા નાડલાઇ ગામની સમીપે આવેલ ગિરનારજીના નામથી ઓળખાતી ટેકરીપરની શ્રી નેમિનાથજીની મૂર્તિનું નવમા સૈકાનું સુંદર શિલ્પ ખાસ પ્રેક્ષણીય છે. આ ઉપરાંત વરકાણાના જિનમંદિરના થાંભલાનાં સ્થાપત્યકામો અને સેવાડીનાં મહાવીરસ્વામીના મંદિરના તથા સાંડેરાવના જિનમંદિરનાં સ્થાપત્યકામો દરેક કલાપ્રેમીઓએ એક વખત તો જરૂર જોવાં જોઈએ. આ બધાં મંદિરોનાં સ્થાપત્યો મોટા ભાગે બારમા સૈકા પહેલાનાં સમયનાં છે. અને તેમાંનાં કેટલાકના ફોટોગ્રાફો આપની જાણ માટે હાલના પ્રદર્શનમાં રજુ કરેલાં છે.

સિરોહી રાજ્યના સજ્જનરોડ સ્ટેશનથી માત્ર બે માઇલ દૂર આવેલા ઝારોલી ગામના જિનમંદિરના થાંભલાઓનાં કોતરકામો તથા મંદિરની ભમતીમાં અસ્તવ્યસ્ત સ્થિતિમાં પડેલાં બારમા સૈકાના શિલાલેખોવાળા પબાસનોના ટુકડાઓ આપણી ઇતિહાસ પ્રત્યેની ઉપેક્ષા નથી દર્શાવતા? ખુદ આબુરોડના સ્ટેશનથી માત્ર એક જ માઈલ દૂર આવેલ શાંતપુર ગામના નીલકંઠ મહાદેવના મંદિરનું વરાહ અવતાર શિલ્પ અને ગામની આસપાસ પથરાએલાં હજારો સુંદર શિલ્પકામો જોવાની કયા ગુજરાતી કલાપ્રેમીને ફુરસદ છે? વળી શાંતપુરથી માત્ર સાત માઈલ દૂર આવેલા પુરાતન ચંદ્રાવતી નગરીના દરવાજાનું સુંદર સ્થાપત્યકામ જગતના કલાપ્રેમીઓથી અજ્ઞાત અવસ્થામાં વર્ષોના ટાઢ તડકા વેઠતું ઊભું છે. તેના ઉપરની ધૂળ ખંખેરવાનો પણ સમય શું હજુ આવ્યો નથી?

આપણી યુનિવર્સિટીઓની તથા કોલેજોની લાઇબ્રેરીઓમાંના ડૉ. બર્જેસ અને ડૉ. કઝીન્સ વગેરેના રીપોર્ટો વાંચી વાંચીને તેનો જ મુખ્ય આધાર લઈને પી. એચડી.ની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડીગ્રીઓ મેળવનારા બંધુઓ માતા ગુર્જરીની આ વેરવીખેર થએલી શિલ્પસમૃદ્ધિની શોધ કરવા અને તેને જગત સમક્ષ રજુ કરવા ક્યારે તૈયાર થશે?

આબુ પર્વત અને ગુજરાતની પ્રાચીન રાજધાની ભિન્નમાલની વચ્ચે એટલા બધા સ્થાપત્યમણિઓ વેરાયેલા છે કે તેની જો માત્ર નોંધ પણ અત્રે લઉં તો આપનો ઘણો સમય લેવો પડે તેમ છે. આ તો થઈ માત્ર પાષાણશિલ્પની જ વાત.

કલાપ્રેમી કહેવાતા ગુજરાતી ભાઈઓની સામે મારો બીજો પ્રશ્ન છે, આપણા પશ્ચિમ ભારતનાં ધાતુપ્રતિમાશિલ્પોનો. દક્ષિણ ભારતનાં ધાતુશિલ્પોથી આપ જેટલા જાણકાર છો તેટલા જ આપ શું પશ્ચિમ ભારતનાં ધાતુશિલ્પોથી અજ્ઞાત નથી? આપને જાણીને આશ્ચર્ય થશે કે પશ્ચિમ ભારતનાં જૈનમંદિરોમાં બારમા સૈકા પહેલાંના સેંકડો ધાતુશિલ્પો સંગ્રહાએલાં છે, જે પૈકી સૌથી પ્રાચીન વિજાપુર તાલુકામાં આવેલા મહુડી ગામ નજીકના કોટયાર્કના મંદિરના મહંતની પાસે છે, જેનો સમય લગભગ બીજા અથવા ત્રીજા સૈકાનો છે. તેના પછી પીંડવાડાના મહાવીરસ્વામીના દેરાસરમાં આવેલી સંવત ૭૪૪ ની સાલની શિલ્પી શિવનાગે ઘડેલી ગુપ્તકાલીન બે ધાતુમૂર્તિઓનો વારો આવે છે. આ બંને મૂર્તિઓની પ્રતિકૃતિઓ મુનિ શ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાંથી અત્રે રજુ કરેલી છે. આ બે મૂર્તિઓ પછી ભિન્નમાલના જિનમંદિરમાં આવેલી ગુપ્તકાલીન બીજી છ પ્રતિમાઓ પણ લગભગ આઠમા સૈકાની છે. લગભગ આ જ સમયની બીજી બે ધાતુ-પ્રતિમાઓ અમદાવાદના દોસીવાડાની પોળમાં આવેલ શ્રી સીમંધરસ્વામીજીના દેરાસરમાં જમણી બાજુએ આવેલ શ્રીસુખસાગર પાર્શ્વનાથજીની બંને બાજુએ ઊભેલી છે. આ બે મૂર્તિઓ પછીની સંવત વગરની લગભગ આઠમા સૈકાની એક અને બીજી સં. ૯૪૪ ના લેખવાળી ધાતુપ્રતિમાઓ મારા પોતાના સંગ્રહમાં છે, જેના પાછળના ભાગમાં સાંચી સ્તૂપના કઠેરા જેવી આકૃતિ છે. આ આકૃતિઓ ક્યાંથી અને ક્યારથી આવી તે એક ગંભીર કોયડો છે. ત્યાર પછી સં. ૧૦૯૬ ની સાલની એક પાર્શ્વનાથજીની પ્રતિમા પણ મારા સંગ્રહમાં છે. અને અમદાવાદના ઝવેરીવાડના અજિતનાથજીના દેરાસરમાં માનુષી આકૃતિની સંવત ૧૧૧૦ ના ચૈત્ર સુદ ૧૩ ના લેખવાળી ઊભી અજિતનાથની મૂર્તિ તો અમદાવાદ શહેરનું ખાસ ગૌરવ છે. આ સિવાય લગભગ ૨૦૦ પ્રતિમાઓ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિના સમય પહેલાંની પશ્ચિમ-ભારતનાં જુદાં જુદાં શહેરો અને ગામોનાં જિન-મંદિરોમાં આવેલી છે. આ પ્રતિમાશિલ્પો ઉપર પણ સમય આવે એક ગ્રંથ તૈયાર કરવાની મારી ઇચ્છા છે.

આ પ્રમાણે પાષાણ અને ધાતુશિલ્પની ટૂંકી સમીક્ષા કર્યા પછી ગુજરાતની જૈનાશ્રિત ચિત્રકલાના વિષય ઉપર આપણે જરા નજર નાખી જઈએ.

આ જૈનાશ્રિત ચિત્રકલા આપણને મુખ્યત્વે તાડપત્ર, કપડું, લાકડું અને કાગળ ઉપર મલી આવે છે.

તાડપત્રનું સૌથી પ્રાચીનમાં પ્રાચીન ચિત્ર સં. ૧૧૫૭ માં ભૃગુકચ્છ (હાલનું ભરૂચ)માં ચિતરાએલી નિશીથચૂર્ણિની પ્રત પર મળી આવેલ છે, જેનું એક પાનું આજના પ્રદર્શનમાં રજુ કરવામાં આવેલું છે. આ પ્રત પાટણના સંઘવીના પાડાના ભંડારમાં આવેલી છે. પછી ખંભાતની દશવૈકાલિકની પ્રતના સં. ૧૨૦૦ ના ચિત્રના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છૂટા પાનાનો વારો આવે છે, અને ત્યારપછી વિ. સં. ૧૨૧૮ માં લખાએલી પ્રાકૃત ગ્રંથોની સોળ વિદ્યાદેવીઓ સરસ્વતી, લક્ષ્મી, અંબિકા, બ્રહ્મશાંતિયક્ષ, કપર્દિયક્ષ વગેરેનાં ૨૧ ચિત્રોવાળી પ્રત વડોદરા પાસે આવેલા છાણીના જૈનભંડારમાં આવેલી છે. આ પ્રતના બધાંયે ચિત્રો મારા "શ્રી જૈન ચિત્રકલ્પદ્રુમ" ગ્રંથમાં પ્રસિદ્ધ થઈ ચૂકેલાં છે. આ પ્રત પછી નવ વર્ષે એટલે વિ. સં. ૧૨૨૭ માં ચિતરાએલી તાડપત્રની પ્રત જૈસલમેરના ગ્રંથભંડારમાં છે. ત્યાર પછી સં. ૧૨૯૩ માં ચંદ્રાવતીમાં ચિતરાએલી ઉપદેશમાલાની પ્રત પાટણના સંઘના ભંડારમાં આવેલી છે, જેનાં આઠ ચિત્રો પૈકી સંવતના ઉલ્લેખવાળું એક ચિત્ર પણ અત્રેના પ્રદર્શનમાં રજુ કરેલું છે. ત્યાર પછી સં. ૧૨૯૪ ની સાલમાં લખાએલી ત્રિષષ્ટીશલાકાપુરુષચરિત્રની પ્રતનાં ત્રણ ચિત્રોનો વારો આવે છે, જે ત્રણે ચિત્રો અત્રેના પ્રદર્શનમાં રજુ કરવામાં આવેલાં છે. આ ત્રણ ચિત્રો પૈકીનાં પહેલાં બે ચિત્રો ગુજરાતના ઇતિહાસ માટે બહુ જ મહત્ત્વનાં છે, કારણકે આ બે ચિત્રો પરમાર્હત મહારાજાધિરાજ કુમારપાળદેવ તથા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિના હોવાનું મનાય છે. આ પ્રમાણે પાટણ, જૈસલમેર અને ખંભાતના જૈન ભંડારોમાં લગભગ સવાસોથી દોઢસો ચિત્રો તાડપત્રનાં બારમા સૈકાની શરૂઆતથી પંદરમા સૈકા સુધીનાં મળી આવે છે. આ તાડપત્રની પ્રતોનાં ચિત્રો પૈકી કલાની દૃષ્ટિએ મહત્ત્વની ત્રણ પ્રતનાં જ ચિત્રો વધારે ઉલ્લેખનીય છે, જે ત્રણે પ્રતો ગુજરાતમાં જ છે, જેમાંની એક ઇડરની શેઠ આણંદજી મંગળજીની પેઢીના સંગ્રહમાં છે. બીજી અમદાવાદની ઉજમફઇની ધર્મશાળાના ભંડારમાં છે. અને ત્રીજીનાં છુટાં માત્ર દસ ચિત્રો મારા પોતાના સંગ્રહમાં છે જે મને (સિંધ) હાલામાંથી મલી આવ્યાં હતાં.

લાકડાનાં ચિત્રો પૈકી કાષ્ટપટ્ટિકાઓ પૈકીની વાદીદેવસૂરિ તથા કુમુદચંદ્રના ઐતિહાસિક વાદવિવાદવાળી કાષ્ટપટ્ટિકા અત્રે પુરાતત્ત્વવિદ્ જિનવિજયજીના સંગ્રહની અને બીજી કાષ્ટપટ્ટિકા મુનિ શ્રી પુણ્યવિજયજીના સંગ્રહની મહાવીરસ્વામીના પંચકલ્યાણકના પ્રસંગોની અને ત્રીજી ભરતબાહુબલિના યુદ્ધની મારા પોતાના સંગ્રહની અત્રે રજુ કરેલી છે. ત્યાર પછી સં. ૧૪૨૫ ના લેખવાળી પાર્શ્વનાથજીના દસ ભવો તથા પંચકલ્યાણકનાં ચિત્રોવાળી વડોદરાના શ્રી આત્માનંદ જ્ઞાનમંદિરમાં શ્રી હંસવિજયજીના સંગ્રહમાં આવેલી છે, જે સૌથી પછીનાં સમયની અને સુંદર ચિત્રોવાળી છે.

કાષ્ટપટ્ટિકાઓ પછી કપડાં પરનાં ચિત્રોનો વારો આવે છે. આ ચિત્રપટો પૈકી સૌથી પ્રાચીન સં. ૧૪૩૫ ની સાલવાળું ભરતકામ મારી પોતાની પાસે છે અને ત્યાર પછી સં. ૧૪૯૦ ની સાલનો ચાંપાનેરમાં લખાએલો પંચતીર્થીપટ પાટણના સંઘવીના પાડાના ભંડારમાં આવેલો છે. ત્યાર પછી સં. ૧૪૯૧ ની સાલનો વર્ધમાનવિદ્યાનો પટ મારી પાસે છે અને ત્યાર પછી સંવત ૧૫૦૮ ની સાલનો વસંતવિલાસનો ચિત્રપટ આજે અમેરીકામાં વોશિંગ્ટનની ફ્રીઅર ગેલરી ઑફ આર્ટમાં પહોંચી ગએલ છે. આ સિવાય સંવત વગરનો પંદરમા સૈકાનો વર્દ્ધમાન વિદ્યાનો પટ અમૃતલાલ ભોજક પાસે છે. સમવસરણનો તથા ગૌતમસ્વામીનો પટ મારા સંગ્રહનો છે જે અત્રે રજુ કરેલો છે, અને ત્યાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછીનો સંવત ૧૫૭૧ ની સાલનો મુનિ શ્રી પુણ્યવિજયજીના સંગ્રહનો ઋષિમંડલનો ચિત્રપટ અત્રે રજુ કરેલ છે.

કાગળ પરની હસ્તપ્રતોમાં ૧૪૨૪ ની કલ્પસૂત્રની દસ ચિત્રોવાળી, ૧૪૫૫ ની પાર્શ્વનાથ-ચરિત્રની પાર્શ્વનાથ તથા પદ્માવતીનાં ચિત્રોવાળી પાટણના હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડારમાં આવેલી છે, જેની રંગીન પ્લેટો હવે પછી મારા તરફથી લગભગ ચાલીશ હજાર રૂપિયાના ખર્ચે તૈયાર થતા "પવિત્ર કલ્પસૂત્ર" નામના ગ્રંથમાં પ્રસિદ્ધ થશે. ત્યાર પછી સં. ૧૪૭૨ ની રો. એ. સો. મુંબઈમાં, ૧૪૭૩ ની મારા પોતાના સંગ્રહમાં ચિત્રકાર દૈયાકના નામવાળી, તથા ૧૪૭૩ ની પાટણમાં ચિતરાએલી પંજાબના જીરાના ભંડારમાં આવેલી છે, જેનાં ચિત્રો પણ "પવિત્ર કલ્પસૂત્ર" માં પ્રસિદ્ધ થનાર છે. ત્યાર પછી સં. ૧૪૮૯ ની મારા સંગ્રહમાં, તથા સં. ૧૪૯૦ ની હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાં આવેલી છે. પછી સુવર્ણાક્ષરી પ્રતોનો વારો આવે છે, જે પૈકી સં. ૧૫૧૬ની ડહેલાના ઉપાશ્રયમાં, સં. ૧૫૨૨ની વડોદરાના શ્રી આત્માનંદ જ્ઞાનમંદિરમાં આવેલી, ત્યાર પછી સં. ૧૫૨૬ ની લીંબડીના ભંડારમાં આવેલી, અને સં. ૧૫૨૯ ની સાલની ઉત્તરાધ્યયનસૂત્રની દેવસાના પાડાના ભંડારની સુવર્ણાક્ષરી પ્રતનો વારો આવે છે. ભારતના જુદા જુદા ભંડારોમાં તથા ખાનગી સંગ્રહોમાં લગભગ સો સુવર્ણાક્ષરી અને બીજી મલી એકલા કલ્પસૂત્રની જ પંદરમા સૈકાના અંત ભાગ સુધીની પાંચસોથી છસો પ્રતોમાં લગભગ મોગલ સમય પહેલાંનાં લગભગ વીસ હજાર ચિત્રો આજે મોજુદ છે. આ ચિત્રો બધાં મોગલકલમની પહેલાંનાં છે. જૈનધર્મના ધાર્મિક ગ્રંથો સિવાયની દુર્ગાસપ્તશતિની, બાલગોપાલસ્તુતિની તથા ગીતગોવિંદ વગેરેની કેટલીક પોથીઓ મલી આવે છે, જે પંદરમા સૈકાની હોવાનું કહેવાય છે. પરંતુ અજાયબીની વાત તો એ છે કે હજુ સુધી સંવતના ઉલ્લેખવાળી એક પણ પોથી મલી આવી નથી, અને તાડપત્રની પોથીનું એક પણ ચિત્ર અથવા કાપડ પરનો એક પણ ચિત્રપટ જૈન પ્રસંગો સિવાયનો તારીખવાળો પંદરમા સૈકા સુધીનો મલી આવ્યો નથી. અંતમાં આ પ્રદર્શનમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી પ્રદર્શનમાં મૂકવા માટે અમને આપવામાં આવેલ શત્રુંજય, રાણકપુર તથા જેસલમેરના ફોટો ચિત્રો તથા અજિતનાથજીના દેરાસરનો લાકડાનો નારીકુંજર તથા પાટણ બિરાજતા મુનિ શ્રી પુણ્યવિજયજી તરફથી અત્રે રજુ કરવામાં આવેલા લેખનકલાના નમૂનાઓ, ૧૫૭૧ ની સાલનો ઋષિમંડલનો કપડાનો ચિત્રપટ તથા પાટણના સંઘવીના પાડાના ભંડારની અને સંઘના ભંડારની તાડપત્રની પોથીનાં ચિત્રો તથા ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટીના સંગ્રહનો એક વિજ્ઞપ્તિપત્ર તથા મોગલસમયની એક ચાદર તરફ અને મારા સંગ્રહમાંથી રજુ કરેલ પંદરમા સૈકાથી ઓગણીસમા સૈકાની શરૂઆત સુધીના કપડાં પરનાં ચિત્રપટો તરફ અને ખાસ કરીને સ્વર્ગસ્થ ગુરુદેવ પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજીના સંગ્રહનું સં. ૧૮૬૩ ની સાલનું ૩૭ ફુટ લાંબું જે વિજ્ઞપ્તિપત્ર અમદાવાદના જૈન સંઘે લખેલું જે અત્રે રજુ કરવામાં આવેલું છે તે તરફ આપ સર્વેનું ધ્યાન ખેંચીને ઉપેક્ષિત ગુજરાતી કલાના આ વિભાગ તરફ ધ્યાન આપવા માટે આપ સર્વેને વિનંતી કરું છું.×

× અમદાવાદમાં ભરાયેલ ઇતિહાસ-સમ્મેલનમાં તા. ૨૪-૧૨-૪૪ ના રોજ આપેલ વ્યાખ્યાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पांच अप्रकाशित लेख

संग्राहक–पूज्य **मुनिमहाराज श्री कांतिसागरजी,** साहित्यालंकार

पुरातन जैन ज्ञानभंडारोंमें अभी बहुतसे ऐसे साधन विद्यमान हैं जिनका प्रकाशन भारतीय संस्कृति व इतिहासके लिये आवश्यक है। सौभाग्यकी बात है कि वर्तमान समयके कतिपय विद्वान इस ओर अपना योग प्रदान कर रहे हैं। पुरातन विस्तृत ग्रन्थोंके अतिरिक्त फुटकर पत्रोंमें भी कभी कभी इतिहासोपयोगी सामग्री मिल आती है। ऐसे कई पत्र मैंने मध्यप्रान्त और बरारके ज्ञानभंडारोंमें देखे हैं।

यहां पर जो पांच अप्रकाशित लेख प्रकट किये जाते हैं वे मेरे हस्तलिखित पुस्तक-संग्रहकी एक नोटमेंसे लिये हैं। नोटबुकसे मालूम होता है कि ये लेख बिकानेरके किसी यतिने संग्रहीत किये हैं। ये लेख बिकानेर व मुर्शीदाबादसे संबंधित हैं, परन्तु जहांसे ये लेख लिये गये हैं वह मूल पाषाण या प्रतिमा इस समय कहां है यह मुझे विदित नहीं है। अतः दोनों नगरनिवासी इतिहासप्रेमी महानुभाव इस पर प्रकार डालें। मूल लेख इस प्रकार हैं–

[ १ ]

**॥ श्रीपार्श्वजिनो जयति ॥**

वर्षे शैलघनाघनेभवसुधासंख्ये शुचावर्जुने,
पक्षे सौम्यसुवासरे हि दशमीतिथ्यां जिनौको मुदा।
श्रीसीमंधरस्वामिनः सुरुचिरं **श्रीविक्रमे पत्तने,**
श्रीसङ्घेन सुकारितं वरतरं जीयाच्चिरं भूतले ॥१॥
श्री**रा**।**ठोड**नभोऽर्कसन्निभमहान् विख्यातकीर्त्तिस्फुरन्
श्री**मत्सूरतसिंह**कस्समभवत्त्यागेन ख्यातो भुवि।
तत्पट्टे जनपालनैकनिपुणः प्रोद्यत्प्रतापारुण–
स्तस्मिन् राज्ञि जयप्रतापमहिमः श्री **रत्नसिंहा**भिधः ॥२॥
जज्ञे सूरिवरा **बृहत्खरतराः** श्री**जैनचन्द्रा**ह्वयाः,
ख्यातास्ते क्षितिमण्डले निजगुणैस्सद्धर्मसंदेशकाः।
तत्पट्टोत्पलबोधनैककिरणैस्सत्साधुसंसेवितैः,
श्रीमंतै**र्जिनहर्षसूरि**मुनिपैर्भट्टारकैर्गच्छपैः ॥३॥
कोविदोपासितैर्दक्षैः, कामकंसजनार्दनैः।
प्रतिष्ठितमिदं चैत्यं, नंदताद्वसुधातले ॥४॥ [त्रिभिर्विशेषकम्]

श्रीमद्बृहत्खरतरगच्छीयसंविग्नोपाध्यायश्री**क्षमाकल्याण**गणीनां शिष्य **पं. धर्मानन्द**-मुनेरुपदेशात् ॥ श्रीभूयात्सर्वेषां ॥

[ २ ]

॥ संवत् १६७७ जेठ बदि ५ गुरौ सं. अमरसी भार्या अमरादे पु. सा। **आसकरण**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अमीपाल कपूरचंद श्रीसंभवनाथबिंब कारित सुविहित ग. खरतरगच्छि श्री जिनराजसूरिभिः ॥

[ ३ ]

॥श्रीः॥ संवत् १८७४ वर्षे । आषाढ शुक्ल षष्ठी तिथौ शुक्रवारे । उपाध्यायजीश्री १०८ श्रीक्षमाकल्याणजिद्गणीनां पादुके श्रीसंघेन कारिते, प्रतिष्ठापिते च प्राज्ञधर्मानंदमुनिः स्वगुरून् प्रणमति ॥

[ ४ ]

॥ श्रीराठोडवंशान्वये नरेन्द्रश्रीसूरतसिंहजी तत्पट्टे महाराजाधिराजश्रीमंतश्रीरतनसिंहजी-विजयिराज्ये ॥ संवत् १८९७ मिते फाल्गुन शुदि ५ तिथौ शुक्रे श्रीबृहत्खरतरगणाधीश्वर-भट्टारकश्रीजिनहर्षसूरिः तत्पट्टालंकार जं । यु । न । प्र । भ । श्रीजिनसौभाग्यसूरिविजयि-राज्ये । श्रीसिरदारनगरे सूराणा । साह । माणकचंदप्रमुखसकलसंघेन सानंदं श्रीपार्श्वनाथ-प्रासादः कारितः प्रतिष्ठापितश्च सदैव कल्याणवृद्ध्यर्थं ॥ श्रीः ॥

[ ५ ]

॥ श्रीः ॥ महिमापुरमन्दिरे प्रशस्तिः ॥ अथ चैत्यवर्णनं ॥

चन्द्रे कुले श्रीजिनचन्द्रसूरि–र्बभूव योगीन्द्रशिरोमणिः सन् ।
अकब्बराख्यो यवनेशमुख्यः प्रबोधितो येन दयापरेण ॥१॥
तद्वंशजाः श्रीजिनभक्तिसूरयस्तच्छिष्यवर्या जिनलाभसूरयः ।
तत्पट्टभास्विज्जिनचन्द्रसूरयस्तद्धर्मराज्ये जयति प्रतिष्ठितम् ॥२॥
निधानकल्पैर्नवभिर्मनोरमैः विशुद्धहेम्नः कलशैर्विराजितम् ।
सुचारुघण्टावलिकारणत्कृतिः ध्वनिप्रसन्नीकृतशिष्टमानसम् ॥३॥
चलत्पताकाप्रकरैः प्रकाममाकारयन्नूनमनिन्द्यसत्वान् ।
निषेधयन्निश्चितदुष्टबुद्धीन् पापात्मनश्चापततः कथंचित् ॥४॥
संसेव्यमानं सुतरां सुधीभिर्भव्यात्मभिर्भूरितरप्रमोदात् ।
पुरोत्तमे श्रीमहिमापुरे द्रो(द्रौ?) जि(जी)याच्चिरं श्रीसुविधेशचैत्यम्॥५॥[पंचभिः कुलकम्]
श्रीजिनभक्तिप्रभावात् श्रीसंघस्य कल्याणं समुल्लसतु ॥

जीमणी बाजू ॥ संवत् १८४५ मिते माघ सुदि ११ तिथौ शुक्रे श्रीमद्बृहत्खरतर-गच्छाधीश्वरभट्टारकश्रीजिनचंद्रसूरिविजयिराज्ये पूज्यभट्टारकश्रीजिनभक्तिसूरिशिष्यश्रीप्रीति-सागरगणिशिष्यवाचार्यश्रीअमृतधर्मगणीनां । पं. क्षमाकल्याणादियुतानामुपदेशतः श्रीमहिमा-पुरनगरे श्रीमक्सूदावादवास्तव्यसमस्तश्रीसंघेन सानंदं श्रीसुविधिनाथप्रासादः कारितः प्रतिष्ठा-पितश्च सदैव कल्याणवृद्ध्यर्थं.

श्रेयोस्तु सर्वभव्यात्मनां यः प्रासादकारिणाम् ।
श्रेयः सकलसंघस्य श्रेयः सद्धर्मकांक्षिणाम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્યાદ્વાદ અને નય

( સાત આંધળાઓના સરળ દૃષ્ટાંતથી સ્યાદ્વાદ અને નયની સમજૂતી )

પ્રાતઃકાલનો સમય હતો. પાંચ સાત મિત્રો ફરવા માટે નિકળ્યા હતા. જૈન દર્શનના સ્યાદ્વાદ સિદ્ધાંતની મહત્તા ચર્ચાઈ રહી હતી. સ્યાદ્વાદ એટલે સંશયવાદ, અસ્થિરવાદ કે આયે સાચું અને તેયે સાચું-એવો દહીંદૂધિયાવાદ નહિ, કિન્તુ અપેક્ષાવાદ, અનેકાન્તવાદ; એટલે કે અપેક્ષાએ એક જ વસ્તુમાં વિવિધ ધર્મોનો સમાવેશ. આ સ્યાદ્વાદ સિદ્ધાંત સાત નય-સપ્તભંગીથી બરાબર બંધબેસતો થઈ શકે છે. આના સમર્થનમાં એક ભાઈ બોલ્યાઃ હું તમને સ્યાદ્વાદનો મર્મ એક સરળ દૃષ્ટાન્તથી સમજાવી દઉં. સાંભળો—

એકવાર એક ગામમાં રહેતા સાત આંધળાઓને હાથી જોવાનું મન થયું. એમણે સાંભળ્યું હતું કે હાથી પશુઓમાં રાજા છે. એમણે ગામના માણસોને વાત કરી કે ભાઈઓ અમને હાથી બતાવો તો સારું ! આંધળાને હાથી જોવાની વાત સાંભળી લોકોને હસવું આવ્યું. પણ ગામમાં એક બુદ્ધિવાન માણસ રહેતો હતો; એણે આંધળાઓને આશ્વાસન આપ્યું અને કહ્યું કે ભાઈઓ, હાથી આવશે ત્યારે તમને હું જરૂર હાથી બતાવીશ. એવામાં એકવાર ગામમાં હાથી આવ્યો. તે વખતે ડાહ્યા માણસે સાતે આંધળાઓને એકઠા કરી કહ્યું કે ચાલો તમને હાથી બતાવું. આ સાંભળી સાતે આંધળા હાથી પાસે ગયા. પેલા ડાહ્યા માણસે સાતે આંધળાઓને કહ્યું: ભાઇઓ, હાથી તમારી પાસે જ ઊભા છે. બધાય બરાબર હાથ ફેરવી જોઈ લ્યો.

પહેલા આંધળાએ હાથીના શરીર ઉપર હાથ ફેરવતાં એના હાથમાં હાથીનો **પગ** આવ્યો. બીજાના હાથમાં **સુંઢ** આવી. ત્રીજાના હાથમાં **પૂંછડું** આવ્યું. ચોથાના હાથમાં **કાન** આવ્યા. પાંચમાના હાથમાં **ગંડસ્થળ** આવ્યું. છઠ્ઠાના હાથમાં **દંતૂશળ** આવ્યું. અને સાતમાના હાથમાં હાથીની **પીઠનો ભાગ** આવ્યો. સાતે જણાએ પોતાના હાથમાં આવેલાં સાતે અંગોપાંગો જોઈ મનમાં નિશ્ચય કરી લીધો કે હાથી આવો-આવો હોય. પછી થોડે દૂર જઈ હાથી સંબંધી પોતપોતાની કલ્પનાઓ એકબીજાને કહેવા લાગ્યા.

**૧ પહેલો**—ભાઇઓ, હાથી જોવામાં મઝા તો ખૂબ પડી, જાણે મોટો જાડો મજબૂત થાંભલો જ હોય, એવો એ હાથી હતો.

**૨ બીજો**—નારે ના ! હાથી તો સાંબેલા જેવો હતો. કોઇના માથા ઉપર પડ્યું હોય તો માથું જ તોડી નાખે એવું મઝેનું સાંબેલું: અલ્યા! તું હાથીને થાંભલા જેવો કહે છે તો તેં કદી થાંભલો જોયો છે ખરો? મેં તો બહુ જ બારીકાઈથી હાથી જોયો છે અને મને તે બરાબર **સાંબેલા જેવો જ લાગ્યો** છે.

**૩ ત્રીજો**—નારે ના, તમે બેય ખોટા છો, તમે હાથી બરાબર જોયો હોય એમ લાગતું નથી. હાથી તો બરાબર જાડા દોરડા જેવો હતો. મેં તો ખૂબ હાથ ફેરવી ફેરવીને જોયું છે. બરાબર જોવું તો હતું કે આ તે દોરડું છે, થાંભલો છે કે સાંબેલું છે? મેં બરાબર જોયું છે કે હાથી જાડા દોરડા જેવો જ છે.

**૪ ચોથો**—અલ્યા, તમે ત્રણે અક્કલ વિનાના રહ્યા. હાથી નથી થાંભલા જેવો, નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંબેલા જેવો કે નથી દોરડા જેવો. હાથી તો છે સૂપડા જેવો. આગળ પહોળું ને પાછળ સાંકડું થતું જતું હતું.

૫ **પાંચમો**—હવે બહુ થયું! બુદ્ધિ તો છે નહિ અને કહે છે હાથી સૂપડા-જેવો છે હાથી તો મોટા ઉપસેલા પેટવાળા થાળા જેવો છે, તમે બધા તે કેવાક ઉતાવળા છો? હાથી જોયો ને બરાબર ન જોયો.

૬ **છઠ્ઠો**—ભાઈઓ! મને હસવું આવે છે કે આ તે તમે હાથી જોયો કે બીજું કાંઈ જોયું છે? હાથી તો ગોળ ગોળ નાની અણીદાર લાકડી જેવો હતો. એવી લીસી એ લાકડી હતી. કે જાણે હાથમાં લઈ ફેરવ્યા જ કરીએ. તમને જોતાં જ આવડયું નથી.

૭ **સાતમો**—બોલી ઊઠયો. હવે જોયા તમે હાથી! તમને તે કોઈને હાથી જોતાંજ નથી આવડયું. હાથી તો હતો મોટી અને પહોળી પાટ જેવો. એવી મોટી લાંબી પાટ હતી કે એના ઉપર સૂઈ જઈએ; મેં તો આપણને હાથી જોવા લઈ જનારા પેલા ભાઈને પૂછયું પણ હતું કે ભાઈ આ પાટ જેવા હાથી ઉપર થોડુંક ઊંઘી લઉં તો કેમ?

આ સાંભળી પહેલાં છયે આંધળાઓ હસી પડયા અને સાતમાની મશ્કરી કરતાં કરતાં બોલ્યાઃ હવે જોયો તેં હાથી! અક્કલ તો મળે નહિં અને કહે હું પંડિત. અમે બધાએ જોયો તે ખોટો અને તેં જોયો તે સાચો. અમને તો એમ લાગે છે કે તારા ડેલામાં પેલી પાટ પડી છે ને તે તને યાદ રહી ગઈ લાગે છે. એટલે તેં હાથીને બદલે પાટ જ યાદ રાખી છે. બાકી હાથી કદી પાટ જેવો હોતો હશે?

આમ એ સાતે આંધળા જોરજોરથી બોલવા લાગ્યા, અને પોતાનું કહેલું જ સાચું છે, પોતાની કલ્પના જ સાચી છે અને પોતાનો પક્ષ જ સાચો છે, બીજાનું કહેવું બધું જ ખોટું છે; બીજાની કલ્પનાઓ જુઠ્ઠી જ છે અને બીજા બધાનો પક્ષ અસત્ય છે એમ બોલવા લાગ્યા. આ બોલચાલ એટલી હદ સુધી વધી ગઈ કે એણે તકરારનું રૂપ લીધું; આ સાંભળી ઘણા માણસો એકઠા થઈ ગયા, ત્યાં તો જે ભાઈ તે આંધળાઓને હાથી જોવા લઈ ગયા હતા તે આવ્યા અને બોલ્યાઃ લઢો છો, કેમ? કે હાથી જોઈને શાંતિ ન આવી! સાતે જણા બોલી ઊઠયાઃ ભાઈ, અમે હાથી આવો આવો જોયો છે. હવે તમે કહી દો અમારામાંથી કોણ સાચું છે? અમારા સાતે જણામાંથી એકેની વાત મળતી આવતી નથી. બધાએ હાથી જોયો છે એક સાથે, છતાં એમાં ઉગ્ર મતભેદ છે, માટે તમે અમારી વાત સાંભળી હાથી કોના જેવો છે તે કહી સંભળાવો.

પેલા ડાહ્યા માણસે બધાની વાત, વિચારો, માન્યતાઓ, કલ્પનાઓ સાંભળીને શાંતિથી કહ્યુંઃ ભાઈઓ, તમે લઢશો નહિ. એક રીતે જોઈએ તો તમે સાતેય સાચા છો. પરન્તુ તમે માનતા હો કે તમે કહ્યું–માન્યું એ જ સાચું છે, અને બીજાનું બધું ખોટું જ છે તો તમે સાતેય ખોટા છો. બધા આંધળા બોલી ઊઠયાઃ અરે ભાઈ! આ તે તમે શું વાત કરી? સાતે સાચા અને સાતે ખોટા એ તે બને શી રીતે? કાં તો કોઈકને સાચો કહો કાં તો કોઈકને ખોટો કહો!

પેલા ભાઈ બોલ્યા—સાંભળો ભાઈઓ, તમારા સાતમાંથી એકે જણ આંખોએ તો દેખી શકતો નથી, એટલે આખા હાથીને જોઈ શકતો જ નથી. તમે જોયું છે તમારા હાથના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પર્શથી. તમારા હાથમાં તો હાથીનું એક એક અંગ આવ્યું છે, તે સિવાય તમે કશું જોઈ શક્યા નથી. જેમકે પહેલાએ માત્ર હાથીનો પગ જ જોયો, બીજાં અંગો જોયાં નથી. હવે એમને હાથી થાંભલા જેવો લાગ્યો છે તેનું કારણ એ છે કે હાથીના પગ થાંભલા જેવા હોય છે; એટલે હાથીના પગની દૃષ્ટિએ તેમની વાત સાચી છે. જે ભાઇના હાથમાં હાથીની સૂંઢ આવી છે; તે ભાઈ હાથીને સાંબેલા જેવો કહે તો તે વાત પણ વાજબી અને બંધબેસતી જ છે. તેમણે પગ નથી જોયા, પૂંછડું નથી જોયું એટલે તેમને હાથી સાંબેલા જેવા લાગ્યા છે તો તેઓ પણ સાચા કહેવાય. એવી જ રીતે જે ભાઈએ હાથીનું પૂંછડું જોયું છે અને એ પૂંછડાના આધારે હાથીને દોરડા જેવા કહે છે તો તે પણ ઠીક કહે છે. પરન્તુ તેમણે હાથીના પગ, કે સૂંઢ નથી જ જોયાં એટલે હાથીને થાભલા જેવો કે સાંબેલા જેવો કહેનારને તદ્દન જુઠા તો ન જ કહી શકે. તેમજ આ ભાઈએ હાથીના કાન કે સૂંઢ જોયા હોત તો એકાંત એમ પણ ન જ કહેત કે હાથી જાડા દોરડા જેવો જ છે. જે ભાઇના હાથમાં હાથીના કાન આવ્યા, તેમણે હાથીને સુપડા જેવો કીધો તો તે પણ ઠીક છે; એ અપેક્ષાએ એ સાચા છે, પરંતુ એનો અર્થ એમ નહિ કે તેઓ જ સાચા અને બીજા બધા તદ્દન જુઠા જ છે. વાસ્તવિક રીતે તમે સાતેય જણાએ હાથીનાં જુદાં જુદાં અંગો જોયાં છે. અને તમારા સાતેયના મતોનું એકીકરણ થાય ત્યારે એક હાથીનું યથાર્થ નિરૂપણ થઈ શકે; આ સિવાય હાથીનું પૂર્ણ રીત્યા યથાર્થ નિરૂપણ થઈ શકે જ નહિં. હાથી થાંભલા જેવો છે; હાથી સાંબેલા જેવો છે; હાથી જાડા દોરડા જેવો છે; હાથી સુપડા જેવો છે; હાથી ગોળ લાકડી જેવો છે; હાથી થાળા જેવો છે અને હાથી મોટી પાટ જેવો છે આમ તમારા સાતેયનું કથન સત્ય છે અને તમે સાતેય જણાની માન્યતાઓના સમીકરણથી હાથીનું યથાર્થ સ્વરૂપ બની શકે.

આ સાંભળી સાતે આંધળાઓ ભેગા થઈ વિચારવા લાગ્યા કે આ ભાઇની વાત સાચી લાગે છે; કારણ કે આપણે સાતે છીએ તો આંધળા; હાથીનું એક એક અંગ આપણા હાથમાં આવ્યું અને આપણે સમજી બેઠા કે આપણે જોયો એટલો—એવડો જ અરે એ જ હાથી છે. પરન્તુ આપણે તો સાત જણા હતા એ વાત ખ્યાલમાં ન રાખી. સાતે જણાએ હાથી જોયો હતો એ વાત તો સાચી જ હતી એટલે આપણે બધાએ વિશાલકાય હાથીને જુદી જુદી રીતે જોયો અને આપણે સાતે ભેગાં થઇને હાથીનું પૂર્ણસ્વરૂપ જાણવા પામ્યા છીએ. જેમ એક માળાના ૧૦૮ પારા છે. હવે જુદા જુદા પારા એ માળાનાં અંગો છે. અને એકસો આઠ મણકા—પારા ભેગા થતાં એક માળા થાય છે તેમ આમાં પણ આપણા બધાના વિચારોના સમૂહથી જ એક હાથીનું પૂર્ણ સ્વરૂપ થાય છે.

આ સાતે આંધળાઓનો સંવાદ સાંભળી સ્યાદ્વાદ ઉપર ચર્ચા ચલાવતા મિત્રોનું સમાધાન થયું અને સમજાયું કે સ્યાદ્વાદ સિદ્ધાંતને નયવાદથી પૂર્ણ રીતે સમજી શકાય છે.

સ્યાદ્વાદ એટલે અસ્થિરવાદ કે સંશયવાદ નહિ, આયે સાચું અને તેયે સાચું એવો અર્ધદગ્ધવાદ નહિ. કિન્તુ જુદી જુદી અપેક્ષાએ વિવિધ ધર્મોના પ્રતિપાદનથી વસ્તુ સ્વરૂપનું યથાર્થ વર્ણન, એ જ સ્યાદ્વાદ.

સ્યાદ્વાદ કોઈ ગહન કે અગમ્યવાદ નથી. નિરંતરના વ્યવહારપથમાં એ વાદ આવે છે, અનુભવાય છે, છતાં સ્યાદ્વાદથી લોકો ભડકે છે એ કાંઈ ઓછું આશ્ચર્ય નથી. હમણાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હમણાં દામોદર શાસ્ત્રી જેવા સમર્થ અભ્યાસી પણ સ્યાદ્વાદને અસ્થિરવાદ, કે અચોક્કસવાદ કહેવાનું સાહસ કરે છે ત્યારે બહુ આશ્ચર્ય જેવું લાગે છે. એક સામાન્ય ન્યાયશાસ્ત્રનો વિદ્યાર્થી શરૂઆતમાં જ તર્કસંગ્રહમાં ભણે છે કે **पृथ्वी नित्यानित्या च** પાંચે ભૂતતત્ત્વોને નિત્ય અને અનિત્ય સૂક્ષ્મ અને સ્થૂલથી સિદ્ધ કરી બતાવેલ છે એમાં પરમાણુરૂપ અને કાર્યરૂપથી નિત્યાનિત્યતા બરાબર સિદ્ધ કરેલ છે. શાસ્ત્રીજી જેવા વિદ્વાનને આમાં અસ્થિરવાદ નથી લાગતો, તો પછી સ્યાદ્વાદીઓ દરેક વસ્તુની પોતાની પદ્ધતિથી નિત્યાનિત્યતા સિદ્ધ કરે ત્યારે કેમ અસ્થિરવાદ લાગે છે એ નથી સમજાતું.

જૈન દર્શન તો આ નયવાદના સાત, એકવીસ, સત્યાવીશ, ચોરાશી, સાતસો, સાત હજાર અને એથીયે વધુ ભેદો બનાવી જુદી જુદી અપેક્ષાએ વસ્તુનું નિરૂપણ કરે છે. આપણે માનવીઓ અપૂર્ણ જ્ઞાની છીએ, છદ્મસ્થ છીએ, આપણે આપણા હાથમાં હાથીનાં એક એક અંગ લઈ પછી હાથી આવો જ છે, આથી બીજા સ્વરૂપવાળો નથી જ, ન જ હોઇ શકે એમ માનીએ છીએ. પરન્તુ પૂર્ણ જ્ઞાનીઓ—શ્રી સર્વજ્ઞ ભગવંતો પોતાના પૂર્ણ જ્ઞાનથી વસ્તુને યથાર્થ રીતે જોઈ–જાણી આપણી સમક્ષ મૂકે છે અને આપણે એ વસ્તુને જુદી જુદી અપેક્ષાથી જોઈએ તો જ એ સત્ય સમજાય તેમ છે.

કદાચ કોઇક પંડિત એમ શંકા કરે કે સ્યાદ્વાદ સિદ્ધાંતથી મનુષ્ય ઊંટ છે, મનુષ્ય ગધેડો છે એમ કાંઈ સિદ્ધ થાય ખરું? ના ભાઈ, ના! મનુષ્ય એ મનુષ્ય છે ખરો, પરંતુ અમુક ગુણો ઉપરથી લક્ષણ બાંધતાં મનુષ્ય પણ ઊંટ કે ગધેડો કહેવાય ખરો. જેમકે એક માણસની ચાલ ઉંટીયા જેવી છે; એક માણસ બહુ જ લાંબો છે, લોકમાં એને ઉંટીયા જેવી ચાલ હોવાથી ઉંટીયા જેવો કહે છે; લાંબા માણસને તાડ જેવો કહે છે. એક માણસ બોજ ખૂબ ઉપાડે છે; આખો દિવસ કામ કામ ને કામ જ કરે છે; એ બોજ ઉપાડવાની શક્તિને લીધે એને ગધેડા જેવો કહે છે. આ શું છે,–સ્યાદ્વાદનો વિજય છે. ઉપર્યુક્ત બિરૂદો ધરાવનાર છે તો મનુષ્ય પરંતુ એમના ગુણો, એમનાં આચરણો ઉપરથી તેમને એ પશુઓનાં બિરૂદો મલ્યાં છે. ભતૃહરિ જેવાને કહેવું પડયું: સાહિત્ય સંગીત અને કલાવિહીન માનવી ઘાસ નથી ખાતો; અને શિંગડાં અને પૂછડાં વિનાનો પશુ છે. ત્યારે આ શું છે? મનુષ્ય હોવા છતાં માનવીગુણોથી વંચિત હોવાથી બે હાથ બે પગવાળા માનવીને ભતૃહરિએ પશુ કહ્યો. નીતિકારો પણ કહે છે "**ज्ञानेन हीनाः पशुभिस्समानाः**" બીજે ઠેકાણે "**धर्मेण हीनाः पशुभिस्समानाः**" કહ્યું છે. એટલે આ બધાં વચનો આપેક્ષિક છે.

આવી અપેક્ષા સમજ્યા સિવાય એકવાર રાહુલ સાંકૃત્યાયન જેવા બૌદ્ધ પંડિતે સ્યાદ્વાદની મશ્કરી કરતાં લખ્યું છે કે "**क्या स्याद्वादसे मनुष्य उंट बनता है? दुध दही बनता है**? આમાં બીજું કશું જ નથી, માત્ર સ્યાદ્વાદને સમજવાનો કે વિચારવાનો પ્રયત્ન જ નથી થયો. સ્યાદ્વાદને સમજવાની સરલ રીત જ એ છે કે જુદી જુદી અપેક્ષાથી વિવિધ રીતે વસ્તુનું નિરૂપણ કરતાં શીખી જવું. સ્યાદ્વાદથી મનુષ્ય કાંઈ ઉંટ કે ગધેડો નથી બની જતો; સ્યાદ્વાદથી કાંઈ દૂધ દહીં નથી થઈ જતું; પરન્તુ વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજના "**अर्पितानर्पितसिद्धेः** શબ્દોમાં સ્વભાવનું હોવાપણું અને પર સ્વભાવનું ન હોવાપણું એ સપ્તભંગીથી દરેક વસ્તુનું સ્વરૂપ યથાર્થ રીતે સ્પષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે, એટલે કે મનુષ્ય એ મનુષ્ય છે પરન્તુ ગધેડો નથી. ગધેડો એ ગધેડો છે પરન્તુ મનુષ્ય નથી. પરન્તુ જેમ આપણે આગળ જોઈ ગયા તેમ કોઈની ચાલ ઉપરથી કોઈની બોજ ઉપાડવાની શક્તિથી; કે કોઇને બુદ્ધિના અભાવથી જુદી જુદી ઉપમાઓ અપાય તો એ કાંઈ સાવ ખોટુંયે નથી. ભતૃહરિ જેવા પણ મનુષ્યને ઉપમા આપી દે છે; પરન્તુ એથી કાંઈ એમ સમજવાની જરૂર નથી કે એ મનુષ્ય પશુ જ છે. એ કાંઇ મનુષ્ય જ જ મટી ગયો એવું નથી. આ એક આપેક્ષિક વચન છે. બસ અહીં સ્યાદ્વાદનો વિજય છે. જે મહાનુભાવોને સ્યાદ્વાદ અનિશ્ચિતવાદ, અસ્થિરવાદ, સંશયવાદ કે આયે સાચું અને તેયે સાચું આવું લાગતું હોય તેઓ એ સ્વાદ્વાદનો અભ્યાસ કરે, એની ગહનતા સમજવાનો પ્રયત્ન કરે અને એ પછી કાંઇક બોલે તો ઠીક લેખાય. વગર અધિકારે એના ગહનતામાં ચંચુપાત કરવા જનાર; વિના સમજ્યે સ્યાદ્વાદની મશ્કરી કે હાંસી કરનાર પોતે જ હાંસીને પાત્ર બને છે, એ ન ભૂલે. એક સહેલું જ દૃષ્ટાંત બસ છે. એક નાનું બાલક ચાલ્યું જાય છે. એ પુત્ર છે; ભાઇ છે; ભાણેજ છે, ભત્રીજો છે; બાલકની માતા એને પુત્ર કહે છે: બ્હેન એને ભાઇ કહે છે; એની માસી એ બાલકને ભાણીયો કહે છે; એની ફઇ કાકી એને ભત્રીજો કહે છે. આ બે પંક્તિઓ જુઓ ——— એક નાની છે, અને બીજી મોટી છે. પરંતુ મોટી પંક્તિ ———— આ પંક્તિથી નાની છે; તેમજ નાની પંક્તિ —આ પંક્તિથી મોટી છે. એટલે સ્યાદ્વાદ એ તો એક જીવનવ્યવહારને સરલ બનાવનાર ચાવી અને વસ્તુનું યથાર્થ સ્વરૂપ બતાવનાર બત્તી છે. વિવિધ દૃષ્ટિપથોનાં વિભિન્નવિભિન્ન જણાતા માર્ગોનું સમીકરણ કરનાર-સુંદર તત્ત્વજ્ઞાન તે સ્યાદ્વાદ છે. આ તત્ત્વજ્ઞાન દરેક જિજ્ઞાસુ સમજીને એને જીવનમાં ઉતારતાં શીખે! જૈનો પણ આ સ્યાદ્વાદનો મર્મ સમજી વ્યવહારમાં ઉતારતાં શીખે તો તેમનામાંથી અનૈક્ય, અનુદારતા અને વિપક્ષતા સમાઇ જાય અને ઐક્ય, ઉદારતા અને એકપક્ષતા આવી જતાં વાર ન લાગે! અસ્તુ!

—એક વિદ્યાર્થી.

# पूजनेमें भी दया

लेखक—पू. मु. म. श्री. विक्रमविजयजी महाराज.

( गतांकसे क्रमशः )

'निरर्थक खर्च करनेवाला सुज्ञ नहीं कहा जाता' यह नियम ठीक है, परन्तु सार्थक अधिक खर्च करनेवाला भी सुज्ञ कहा जाता है; जैसे धर्म प्रभावनार्थ वैरागीका जुलुस, एवं मृत शबको एक दो दिन रखकरके भी भक्तजन एकत्र होने पर अन्त्येष्टि क्रिया करते हो। उस शब आदिमें कुछ मुहूर्त बीतने पर ही असंख्य जीवोंकी उत्पत्ति होती है, फिर दो तीन दिन रखनेके बाद जलानेसे कितने ही जीवोंकी हिंसा होती है, तो भी तुम धर्मप्रभावनार्थ असंख्य जीवोंकी हिंसाको भी सहन कर लेते हो। मूर्तिपूजामें निरर्थकता साबीत हो नहीं कर सके तो 'निरर्थक खर्च समान है, त्रस स्थावरकी हिंसा होती है, यह धर्मजनक नहीं किन्तु पापकी जनक और मिथ्याश्रद्धानकी भूमिका है' इत्यादि लिखना निराधार व निरर्थक

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



है। तेरापंथीका दयादान छोडना और तुम्हारा मूर्तिपूजाका छोडना इन दोनोंमें फरक नहीं है, उद्देश्य एक ही हैः वे भी हिंसाके भयसे छोडते हैं और तुम भी। 'प्रभु पूजा नहीं छोडी' यह तो गलत है, क्योंकि चार निक्षेपके विना कोई कार्य होता नहीं है।

डाक्टरका दृष्टान्त यदि दिया जाय तो भी जो हितकर्ता है उससे कार्य करने पर किसी जीवको चोट पहुंच जाय तो भी वह अहितकर्ता या हिंसक नहीं कहा जाता—इतना ही साधर्म्य उस दृष्टान्त द्वारा विवक्षित है, न कि तुम्हारेसे कल्पित प्रमाण दृष्टान्तका यावद्धर्म। जिस उद्देशसे दृष्टान्त दिया जाता है उसी अंशमें वह दृष्टान्त कहलाता है न तु सर्वांशमें। यदि सर्वांश विवक्षित हो तो वह दृष्टान्त ही नहीं हो सकता, ऐसा तुम भी अनेकों स्थलमें लिख चुके हो; अपने दुराग्रहकी पूर्तिके लिये अपने कहे हुवे वचनसे विरुद्ध आचरण करना बुद्धिमत्ता नहीं हैं। न्यायाधीशके दृष्टान्तको भी उलटा ही समझकर कुछका कुछ लिख मारा है, क्योंकि प्रश्नकर्ताका साध्य, हेतु क्या है यह नहीं समझ कर ही 'मुखमस्तीति वक्तव्यं दश-हस्ता हरीतकी' ऐसे न्यायका अनुसरण किया है। 'नियमानुसार कार्यकरते समय अवान्तर हिंसाका संभव हो तो भी वह हिंसक नहीं कहलाता ह'—इस साध्यहेतुभावमें ही न्याया-धीशका दृष्टान्त है। यह नियम सर्वसंमत है, नहीं तो साधुओंको विहार करना, गोचरी आदि लेनेको जाना, इत्यादि कार्य करते हुए भी साधु महाहिंसक कहलायेंगे। अतः न्यायाधीशका तुम्हारा लेख विना समझका है। तुम जो सर्वांशमें दृष्टान्तको घटानेकी चेष्टा करते हो इसी लिए सूरिजीने—यह दृष्टान्त ही नहीं दे सकते ऐसा कहा है। धर्म—नीतिमें लौकिक दृष्टान्त असंगत है—यह बात भी खोटी है। धार्मिक वस्तुओंकी सिद्धि करनेके वास्ते शास्त्रकारों अनेक लौकिक दृष्टान्तोंको देते ही है, जैसे धर्माधर्मकी सिद्धि करनी, परलोककी सिद्धि करनी इत्यादि।

पंचव्रतसे अतिरिक्त कोई भी आत्मविनाशका कारणभूत कार्य नहीं करना चाहिए, ऐसा कोई एकान्त नियम नहीं है, जिससे मूर्तिपूजा आदि अनुपादेय हों। और मूर्तिपूजा आश्रव ही है यह बात भी बिलकुल असिद्ध ही है।

आवश्यक और अनिवार्य कार्य करनेमें अवान्तर रूपसे जीवोंकी हिंसाका संभव होने पर भी आवश्यक कार्य छोडा नहीं जाता है, यथाविधि यतना पूर्वक उक्त कार्य किया जाता है; जैसे बरसते हुए पानीमें स्थंडिल जाना, नदी उतरना, पानीमें बहती हुई साध्वीको निकालना एसे अनेकों कार्य किये जाते हैं। जैसे इन कार्योंमें अवान्तर हिंसा होने पर भी महान लाभ है उसी तरह मूर्तिपूजामें भी समझना चाहिए। जैसे बची हुई साध्वी मिथ्यात्वी, अनार्य वा क्रूर व्यक्तिको मिथ्यात्वसे हटाकर आर्य दयालु और सम्यक्तिी बनाती है, उसी तरह प्रभुमूर्तिके दर्शन करनेवाले मिथ्यात्वी, अनार्य मनुष्यको उस मूर्ति द्वारा प्रभुके स्मरणसे सम्यक्त्वका उदय

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિહ્નવવાદ

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી

(સાતમનિહ્નવ ગોષ્ઠામાહિલ–કર્મ ને આત્મના સમ્બન્ધમાં તથા પ્રત્યાખ્યાનના વિષયમાં વિપ્રતિપત્તિ ધારણ કરનાર)

( ક્રમાંક ૯૯ થી ચાલુ )

( ૫ )

દશપુરનગરમાં અભ્યાસી મુનિઓને પૂર્વનું અધ્યયન સતત ચાલે છે. પૂજ્ય આર્યરક્ષિત-સૂરિજી મહારાજના સ્વર્ગવાસ પછી, વાચના આપવાનો ને ગચ્છ સાચવવાનો સર્વ ભાર પૂજ્ય દુર્બલિકાપુષ્પમિત્રે વ્યવસ્થિત રીતે ઉપાડી લીધો છે. અધ્યયન કરનારાઓમાં પૂ. વિન્ધ્યમુનિ અભ્યાસી તીવ્ર સ્મરણશક્તિવાળા અને ખંતિલા છે. ચૌદ પૂર્વમાંથી છેલ્લા પાંચ પૂર્વો તો લુપ્તપ્રાયઃ છે. બાકી રહેલા નવ પૂર્વોના વિચારો પણ ગંભીર ને ગહન છે. તે સમજવા ને સ્મરણમાં રાખવા એ અતિ દુષ્કર કાર્ય છે. તે કારણે ગણ્યાગાંઠ્યા મુનિઓ જ પૂર્વના પઠનપાઠનમાં પ્રવૃત્ત થાય છે. એક બાજુ આ પરિસ્થિત છે, ત્યારે બીજી બાજુ કાળપ્રભાવે કેટલાએક શક્તિશાલિ–આત્માઓ ઈર્ષ્યા અભિમાન–અહંતા–મહત્ત્વાકાંક્ષા અને મિથ્યામોહને વશ થઈ પૂર્વ જ્ઞાનના વ્યવસ્થિત સંરક્ષણમાં શક્તિનો સદુપયોગ કરવાને બદલે ઊલટું તેમાં શંકા–કુશંકા–વિપરીત વિચારણાઓ આગળ કરી શક્તિને વેડફી રહ્યા છે. ગોષ્ઠામાહિલ તેમાં મુખ્ય છે.

---

हो जाता है और उस प्रभुकी पूजाको देखकर उसे प्रभुमें गाढ श्रद्धा उत्पन्न हो जाती है।

इस तरह मूर्ति और उसकी पूजाका प्रत्यक्षसे बहुत लाभ देखा जाता है, तब 'मूर्तिपूजा निरर्थक है, अनावश्यक है. मूर्तिपूजाको उपादेय बनानेके लिए व्यर्थ चेष्टा करना बुद्धिमानी नहीं है' इत्यादि ३२ वां प्रकरण एकदम निष्प्रामाणिक व द्वेषपूर्ण है। इसमें मूर्तिपूजाकी निरर्थकता अनावश्यकता आदि कुछ भी सिद्ध नहीं किया है। इसीसे ३३ वें प्रकरणकी प्रत्यालोचना भी व्यर्थ सिद्ध होती है, क्योंकि मूर्तिपूजा भी आवश्यक है, अनिवार्य है, इस लिए जैसे आवश्यक और अनिवार्य कार्य यतनासे किया जाता है, उसी तरह मूर्तिपूजा भी यतनासे की जाती है। यद्यपि उसमें स्वरूप हिंसाका सम्भव है, किन्तु एतावता आवश्यक कार्य त्याज्य नहीं होता, क्योंकि आवश्यक कार्यके कर्ताका उद्देश्य हिंसामें नहीं रहता। इसीसे वैदिक हिंसाकी तुलना नहीं की जा सकती है। इसमें आरम्भ होता है, ऐसा कहना आरम्भके स्वरूपको नहीं जाननेवालेको ही शोभता है। और मूतिपूजासे अनेकोंका महान उपकार होता है, यह बात उसीके अनुभवमें आ सकती है जिसने उसका आनन्द लिया हो। इससे–श्रद्धानको अशुद्ध कर सम्यक्त्वसे गिरानेवाला है ऐसा अकलशून्य पुरुष ही कह सकता है। (क्रमशः)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્ય પુષ્પમિત્ર આઠમા કર્મપ્રવાદ પૂર્વની વાચના આપે છે. તે સમયે ગોષ્ઠામાહિલ ત્યાં હાજર રહેતા નથી ને પૂ. વિન્ધ્યમુનિ પાસેથી વાચનામાં ચાલેલા વિષયોને સાંભળે છે.

કર્મનું ટૂંક સ્વરૂપ આ પ્રમાણે છે—કર્મ એ પુદ્ગલ છે. પુદ્ગલને વ્યવસ્થિત સમજવા માટે જે આઠ વર્ગ પાડવામાં આવ્યા છે, તેમાં કર્મ છેલ્લા વર્ગમાં આવે છે.

**' ओराल–विउव्वा–हार–तअ–भासा–णुपाण–मण–कम्मे '**

(ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, અનુપ્રાણ, મન, અને કર્મ) એ આઠ વર્ગો છે. તેમાં પૂર્વ પૂર્વ કરતાં પછીના વર્ગોમાં પુદ્ગલો વધારે હોય છે ને સ્થૂલતા ઓછી હોય છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ કર્મ વર્ગણા છે. તેનો સ્વભાવ આત્માના ગુણને દબાવવાનો છે. તે આત્માના આઠ ગુણને દબાવે છે માટે આઠ વિભાગમાં વહેંચાયેલ છે, ૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ અન્તરાય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર, ૮ વેદનીય, એ તેનાં નામ છે. એ આઠ કર્મના ઉત્તરભેદો ૧૫૮ થાય છે. તે અનુક્રમે આ પ્રમાણે ૫–૯–૫–૨૮–૪–૧૦૩–૨–ને ૨, તેમાંથી ૧૨૦ નો બંધ પડે છે. ૧૨૨–ઉદય ને ઉદીરણામાં ઉપયોગી થાય છે ને સત્તામાં સર્વે રહે છે.

મિથ્યાત્વ–અવિરતિ–કષાય ને યોગ એ ચાર કારણથી કર્મ બંધાય છે. સ્થિતિનો પરિપાક થવાથી, અબાધાકાળ પૂર્ણ થવાથી કર્મ ઉદયમાં આવે છે. આત્મા વિશિષ્ટ પ્રયત્નો દ્વારા કર્મની ઉદીરણા કરીને પણ તેને ઉદયમાં લાવે છે, ને મુક્ત ન થાય ત્યાં સુધી સત્તામાં અખૂટ કર્મ રહ્યા જ કરે છે. પ્રકૃતિ, સ્થિતિ, રસ ને પ્રદેશ, એમ બન્ધ ચાર પ્રકારે પડે છે. બંધાયેલ કર્મ આત્મા સાથે એકમેક થઈ જાય છે. લોઢાના ગોળામાં જેમ અગ્નિ મળી જાય છે, દૂધમાં જેમ પાણી ભળી જાય છે તેમ આત્મામાં કર્મ તદ્રૂપ થઇને રહે છે. કર્મના બન્ધાદિમાં ગુણસ્થાનક ભેદે થતાં ભેદો, ઉદ્વર્તના અપવર્તનાદિ કરણપ્રયોગોથી થતાં ફેરફારો, વગેરે કર્મના ગંભીર વિચારો છે. તે સર્વ નવતત્ત્વ, ષટ્કર્મગ્રન્થ, પઞ્ચસંગ્રહ, કર્મપ્રકૃતિ, લોકપ્રકાશ વગેરે ગ્રન્થોથી સારી રીતે સમજાય છે. કર્મવિષયક વિચારણા જૈન દર્શન સિવાય બીજે કોઈ પણ સ્થળે વ્યવસ્થિત અને સંગત નથી.

પૂ. વિન્ધ્યમુનિએ ગોષ્ઠામાહિલને કર્મપ્રવાદ પૂર્વની વાચનામાં ચાલેલ સર્વ વિષયો કહ્યા ત્યારે તેમણે નીચે પ્રમાણે વિપરીત વિચારણા રજૂ કરી.

( ૬ )

ગોષ્ઠામાહિલ—આત્મા ને કર્મનો સમ્બન્ધ તમે જે ક્ષીરનીર જેવો જણાવ્યો તે યથાર્થ નથી, પણ તેનો સમ્બન્ધ સર્પ ને કઞ્ચુકના સમ્બન્ધ જેવો છે.

વિન્ધ્યમુનિ—સાપ ને કાંચળી જેવો સમ્બન્ધ આત્મા અને કર્મમાં કઈ રીતે ઘટી શકે?

ગોષ્ઠામાહિલ—જેમ કાંચળી સાપથી જુદી છે, તેમ કર્મ આત્માથી ભિન્ન છે. સાપના શરીર પર રહેલ કાંચળી સાપના જેવી જ જણાય છે, તેમ આત્માની સાથે સમ્બન્ધ પામેલ કર્મ પણ આત્માના જેવું જણાય છે. જ્યાં જ્યાં સર્પ જાય છે ત્યાં ત્યાં કાંચળી પણ જાય છે, તેમ આત્માની સાથે કર્મ પણ જાય છે. જીર્ણ થયેલ કાંચળીને છોડીને જેમ સાપ એકાકી ચાલ્યો જાય છે, તેમ જીર્ણ કર્મને નિર્ઝરી આત્મા સ્વચ્છ નિર્લેપ–એકાકી મુક્તિમાં જાય છે. સર્પને કઞ્ચુકનું ઉદાહરણ યથાર્થ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિન્ધ્યમુનિ–આપનું કથન વિચારણી છે. કાલે આ સમ્બન્ધમાં વિશેષ વિચાર ચલાવીશું.

પૂજ્ય શ્રી પુષ્પમિત્રસૂરિજીને પૂ. વિન્ધ્યમુનિએ ગોષ્ટામાહિલ સાથે થયેલ સર્વ ચર્ચા સંભળાવી, ને આત્મા ને કર્મના સમ્બન્ધમાં સાપ અને કાંચળીનું ઉદાહરણ માનતા કયા કયા દોષો આવે તેના ખુલાસા મેળવ્યા. બીજે દિવસે ગોષ્ટામાહિલને તે સર્વ જણાવ્યું પણ તે માન્યા નહિ. 'પુષ્પમિત્ર ભૂલે છે' એમ જ કહેવા લાગ્યા. રોજ ને રોજ એ ચર્ચા ચાલવા લાગી, એમ ને એમ આઠમા પૂર્વનું અધ્યયન પૂર્ણ થયું તે નવમા પૂર્વના અભ્યાસનો આરંભ થયો. તે પૂર્વનું નામ 'પ્રત્યાખ્યાન પૂર્વ' છે. તેમાં પચ્ચક્ખાણના વિષયનું વિસ્તારથી નિરૂપણ કરવામાં આવ્યું છે. ગોષ્ટામાહિલના હૃદયમાં પણ દિવસે દિવસે ઈર્ષ્યા ને દ્વેષ વધતાં જ ગયાં. આર્યપુષ્પમિત્રજી જે અર્થ બતાવે તેથી વિરુદ્ધ કાંઈ ને કાંઈ કહેવું એ જ એક એમનું કાર્ય થઈ પડયું. પચ્ચક્ખાણના વિષયમાં પણ એમની અને પૂ. વિન્ધ્યમુનિ વચ્ચે આ પ્રમાણે ચર્ચા થઈ.

ગોષ્ટામાહિલ—તમે મને પ્રત્યાખ્યાન પૂર્વના વિચારો દર્શાવ્યા તેમાં સંસારથી વિરક્ત થઈ મુનિધર્મને સ્વીકારતા આત્માઓને જે પ્રત્યાખ્યાન સૂત્ર સંભળાવાય છે તેમાં આપણી વચ્ચે મતભેદ છે. તે સૂત્ર તમે આ પ્રમાણે કહો છો–

> "करेमि भन्ते ! सामाइयं सव्वं सावज्जं जोगं पच्चक्खामि,
> जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए कायेणं
> न करेमि न कारवेमि करन्तंपि अन्नं न समणुजाणामि तस्स
> भन्ते ! पडिक्कमामि निन्दामि गरिहामि अप्पाणं वोसिरामि" ॥

"હે ભગવન્! હું સામાયિક કરું છું. સર્વ પાપ વ્યાપારનું પ્રત્યાખ્યાન (ત્યાગ પ્રતિજ્ઞા) કરું છું. જ્યાંસુધી જીવું ત્યાંસુધી ત્રિવિધે ત્રિવિધે (ત્રણ ત્રણ પ્રકારે–તે આ પ્રમાણે) મન વચન ને કાયાથી (પાપ) કરીશ નહિ, કરાવીશ નહિ, કરતા એવા અન્યને સારા માનીશ નહિ. હે ભગવન્! તેથી (પાપથી હું) પાછો ફરું છું. (તેને–પાપવાળા મારા આત્માને હું) નિન્દું–ગર્હું છું (ને તેવા) આત્માનો ત્યાગ કરું છું." તમે કહેલ આ સૂત્રમાં 'જાવજ્જીવાએ' એટલું ઉચિત નથી.

વિન્ધ્યમુનિ—'જાવજ્જીવાએ' કહેવાથી શું દોષ આવે છે? કે જેથી તમે તેનો નિષેધ કરો છો.

ગોષ્ટામાહિલ—આગમમાં જે જે પ્રત્યાખ્યાનો બતાવ્યાં છે તે સમ્પૂર્ણ ફલ દેનારા ત્યારે જ થાય છે કે જો તે પૂર્ણ વિધિ પૂર્વક પાળવામાં આવે. અપવાદ—છૂટ રાખવી, મર્યાદા–અમુક સમય માટે જ કરવું, આશંસા–પૂરું થયે ભોગો ભોગવવાની અભિલાષા રાખવી, વગેરે પ્રત્યાખ્યાનનાં દૂષણો છે. તેથી તે દૂષિત થાય છે ને કલ્યાણ કરનારું થતું નથી. 'જાવજ્જીવાએ' પદથી પ્રત્યાખ્યાન મર્યાદિત–કાળની અવધિવાળું બને છે, ને તેથી કાળ પૂરો થયે ભોગોની છૂટ થશે ને ભોગો ભોગવીશ એવી અભિલાષા રૂપ આશંસા દોષ લાગે છે. માટે તે પદ ન જોઈએ.

પૂ. વિન્ધ્યમુનિએ આ વિષયનો પણ આચાર્ય મહારાજજીને પૂછીને ખુલાસો જણાવ્યા છતાં ગોષ્ટામાહિલ સમજ્યા નહિ ને પોતાના વિપરીત વિચારો ફેલાવવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૭ )

પૂ. વિન્ધ્યમુનિના કથનથી જ્યારે ગોષ્ઠામાહિલ ન સમજ્યા ત્યારે પૂજ્ય પુષ્પમિત્રસૂરિજી પોતે શાસન ખાતર માનાપમાનનો વિચાર કર્યા વગર તેમને સમજાવવા ગયા.

પૂ. પુષ્પમિત્રસૂરિજી—આત્મા ને કર્મના સમ્બન્ધમાં તથા પ્રત્યાખ્યાનના વિષયમાં તમે જે વિપરીત વિચારણાઓ ધરાવો છો, તેનો તમારે ત્યાગ કરવો જોઇએ. તમારા જેવા સમજુ માણસને સત્ય અર્થોમાં અશ્રદ્ધા કરવી ઉચિત નથી. કદાચ તમને તેમાં ખુલાસાની આવશ્યકતા હોય તો હું તમને એ સમજાવું.

ગોષ્ઠામાહિલ—તમને ગચ્છનો સર્વ અધિકાર મળી ગયો માટે તમે જે કહો તે જ સાચું અને બીજું જુઠું એ ન બની શકે. આત્મા ને કર્મ સમ્બન્ધમાં કે પ્રત્યાખ્યાનના વિષયમાં તમે ભૂલો છો, એમ મને લાગે છે. માટે તમારે એ ભૂલ સુધારવી જોઇએ.

પૂ. પુષ્પમિત્રસૂરિજી—આ વિચારણાઓ તમારા કે મારા ઘરની નથી; સર્વજ્ઞ ભગવન્તે દર્શાવેલી છે. તમારી માન્યતા પ્રમાણે તેમાં અનેક દોષો આવે છે. સર્વજ્ઞ પ્રભુનાં વચનોમાં દોષના અંશને પણ અવકાશ નથી. સર્પ ને કઞ્ચુક જેવો આત્મા ને કર્મનો સમ્બન્ધ માનતાં નીચે પ્રમાણે દૂષણો આવે છે.

૧ જે જે આકાશપ્રદેશમાં આત્મા છે ત્યાં ત્યાં તે આત્માના કર્મ માની શકાશે નહિ. આત્માથી ભિન્ન આકાશ પ્રદેશમાં તેનું કર્મ માનવું એ વિરુદ્ધ છે.

૨ કર્મથી આવૃત સર્વ પ્રદેશે આત્મા દુઃખ વેદે છે, તે ઘટી શકશે નહિ.

૩ પરભવ જતાં સર્વ આત્માઓને મુક્ત માનવા પડશે.

૪ સિદ્ધોને પણ કર્મજન્ય વેદનાનો પ્રસંગ આવશે.

૫ એકનું કર્મ બીજાને પણ સુખ દુ:ખ આપવા સમર્થ થશે.

લોહ ને અગ્નિની જેમ કે ક્ષીરનીરવત્ આત્મા ને કર્મનો સમ્બન્ધ માનવામાં આ કોઈ દૂષણો લાગતાં નથી. વળી તમે આત્મા સાથે એકમેક થયેલ કર્મ કદી પણ નાશ ન પામે ને તેથી મુક્તિ અસંભવિત બને એવું જે કહો છો તે યથાર્થ નથી. સુવર્ણ અને માટી એકમેક હોય છે છતાં પ્રયોગોથી માટીથી સુવર્ણ જુદું પાડી શકાય છે તે જ પ્રમાણે કર્મથી આત્માને મુક્ત બનાવી શકાય છે. પ્રત્યાખ્યાનના વિષયમાં પણ તમે કહો છો તે અયુક્ત છે. પરિમાણ વગરનું પ્રત્યાખ્યાન કરવામાં ઘણા દોષો આવે છે.

૧ અપરિમાણ પ્રત્યાખ્યાન કોઇ પણ રીતે પૂર્ણપણે પાળી શકાય નહિ.

૨ મરણ બાદ એ પ્રત્યાખ્યાનનો દેવલોક વગેરે ગતિમાં અવશ્ય ભંગ થાય.

૩ સિદ્ધ અવસ્થામાં સંયમ નથી, છતાં આ પ્રત્યાખ્યાન માનતાં ત્યાં સંયમ માનવું પડે, ને તે માનતાં '**सिद्धे नो संजए, नो असंजए, नो संजयासंजए,**' (સિદ્ધો સંયમી નથી, અસંયમી નથી, ને દેશસંયમી નથી) એવા આગમનો વિરોધ આવે.

૪ પૌરુષી–સાર્ધપૌરુષી વગેરે નિયતકાળવાળા પ્રત્યાખ્યાનો માની શકાશે જ નહિ. એ સર્વ સપરિમાણ પ્રત્યાખ્યાનો છે.

૫ ભવિષ્યમાં ભંગ થશે એમ જાણવા છતાં–અસંભવ–અપરિમાણ પ્રત્યાખ્યાન કરવાથી પ્રકટ મિથ્યાભાષણ લાગે. 'જાવજ્જીવાએ' (જીવું ત્યાં સુધી) એ પ્રમાણેના પ્રત્યાખ્યાનથી મરણ પછી હું ભોગો ભોગવીશ એવી ઇચ્છા તેમાં આવતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. તેથી તો પ્રત્યાખ્યાનની શક્યતા જ બતાવવામાં આવી છે. માટે તમે આ સત્યમાર્ગને અનુસરો ને તમારી મિથ્યા વિચારણાઓ છોડી દ્યો.

ગોષ્ઠામાહિલ–મને તમારી વિચારણાઓ મિથ્યા લાગે છે ને મારી સત્ય સમજાય છે. તમારો ને મારો માર્ગ ભિન્ન છે. હું કહું છું કે તમે ભૂલો છો ને તમે કહો છો કે હું ભૂલું છું. એથી કાંઇ નિકાલ આવી શકે નહિ.

પૂ. પુષ્પમિત્ર—જો એમ જ હોય તો આપણે અન્ય ગચ્છના સ્થવિર જ્ઞાની મુનિઓને આ વિચારણા બતાવીએ. તેઓ કહે તે પ્રમાણભૂત માની એકમત થઇએ.

( ૮ )

પૂજ્ય આર્ય પુષ્પમિત્રસૂરિજીએ અને ગોષ્ઠામાહિલે અન્ય ગચ્છના શ્રુતજ્ઞાની–સ્થવિર મુનિઓએ પોતાની વિચારણાઓ સમજાવી. તેઓએ આચાર્ય શ્રી પુષ્પમિત્ર કહે છે તે જ સત્ય ને તથ્ય છે એમ કહ્યું એટલે ગોષ્ઠામાહિલ આવેશમાં આવી ગયા. તે વૃદ્ધ મુનિઓને જેમ તેમ ભાંડવા લાગ્યા અને સ્થવિરોને માટે ફાવે તેમ બોલવા લાગ્યા.

આ પછી પૂજ્ય પુષ્પમિત્રસૂરિજીને અને સર્વ સ્થવિર મુનિઓને લાગ્યું કે કોઇ પણ ઉપાયે આ સમજી શકે તેમ નથી. એટલે તેઓએ શ્રમણ સંઘ બોલાવ્યો. સર્વસંઘે એકત્ર થઇ વિચાર્યું કે ગોષ્ઠામાહિલનું કથન સર્વથા અસત્ય છે. છતાં એમને એમ તેને કાંઈ પણ કરવામાં આવશે તો તે આપણને પણ જુઠ્ઠા કહીને વગોવશે ને પોતાના મતનો સવિશેષ પ્રચાર કરશે. માટે આ વિષયમાં જનતાને ખાત્રી થાય ને તે તરફ વિશેષ દોરવાઈ ન જાય તે માટે શ્રીસીમન્ધર સ્વામીને પૂછાવીએ કે કોણ સાચું છે. એમ વિચાર કરી શ્રીસંઘે કાર્યોત્સર્ગ ( ધ્યાન વિશેષ ) કરી શાસનદેવીને બોલાવી. દેવી પ્રકટ થઈ, તેને સર્વ હકીકતથી વાકેફ કરી મહાવિદેહ ક્ષેત્રમાં મોકલી. દેવી પોતાને માર્ગમાં કોઈ પ્રતિપક્ષી ઉપદ્રવ ન કરે માટે શ્રીસંઘને કાર્યોત્સર્ગ–ધ્યાનમાં રહેવાનું સૂચવી પ્રભુ પાસે ગઈ.

શ્રીસીમન્ધર સ્વામિ પાસેથી સર્વ વાતનો ખુલાસો મેળવીને અહીં આવી શ્રીસંઘને જણાવ્યો. તે આ પ્રમાણે. " શ્રી પુષ્પમિત્રસૂરિજી આદિ શ્રીસંઘ કહે છે તે જ સત્ય છે. ગોષ્ઠામાહિલ મિથ્યાભાષી સાતમા નિહ્નવ છે. તેનાં વચનો અસત્ય છે. "

આવું કથન સાંભળી ગોષ્ઠામાહિલ એકદમ ઊકળી ગયા ને પડતા પડતા પણ ટાંગ ઊંચી રાખવા કહેવા લાગ્યા કે " બિચારી ! આ વ્યન્તરીનું શું ગજું કે એ મહાવિદેહમાં પ્રભુ પાસે જઈ શકે ! એ અલ્પઋદ્ધિ ને અલ્પશક્તિવાળી દેવીને પ્રભુ પાસેથી ખુલાસો લાવવો જ અસંભવિત છે. આ બધું બનાવટી છે. " ગોષ્ઠામાહિલ એ પ્રમાણે બોલતા રહ્યા ને શ્રીસંઘે તેને નિહ્નવ જાણી કાર્યોત્સર્ગ પારી સર્વાનુમતે સંઘ બહાર કર્યા.

એ ગોષ્ઠામાહિલ છેવટ સુધી જીવ્યા ત્યાંસુધી પોતાના મિથ્યા આગ્રહને વળગી રહ્યા. તેમના મતનો ફેલાવો બહુ થયો નહિ.

( ૯ )

પ્રભુશ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ પછી ૫૮૪ વર્ષે દશપુરનગરમાં આ સાતમા ગોષ્ઠામાહિલ નિહ્નવ થયા. શ્રી આવશ્યક નિર્યુક્તિ—શ્રીસ્થાનાંગસૂત્ર વગેરેમાં ગણાવેલ સાત નિહ્નવોની હકીકત અહીં પૂર્ણ થાય છે. તે સાતે નિહ્નવોનું ટૂંકમાં કોષ્ટક આ પ્રમાણે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાત નિહ્નવોનું કોષ્ટક

| સંખ્યા | નામ | કયારે થયા | મિથ્યા વિચારણા | મિથ્યાત્વના કારણ | વિશેષ હકીકત |
|---|---|---|---|---|---|
| ૧ | જમાલિ. | ૧૪ વર્ષે પ્રભુના કેવળજ્ઞાન પછી | દીર્ઘકાળે વસ્તુની ઉત્પત્તિ | તાવ અને ‘ક્રિયમાણું-કડં’ વગેરે વચનો | પ્રભુના જમાઈ થાય. છેવટ સુધી પોતાની વિચારણામાં વળગી, પ્રભુએ પોતે સમજાવ્યા છતાં ન સમજ્યા. |
| ૨ | તિષ્યગુપ્ત | ૧૬ વર્ષે પ્રભુના કેવળ પછી | છેલ્લા પ્રદેશમાં જીવત્વ | આત્મપ્રવાદ પૂર્વનું અધ્યયન | ઋષભપુરનગરમાં થયા.છેવટ આમલકલ્પાનગરીમાં મિત્રશ્રી નામના શ્રાવકથી પ્રતિબોધ પામ્યા. |
| ૩ | આષાઢાચાર્યના શિષ્યો | ૨૧૪ વર્ષે પ્રભુના નિર્વાણ પછી | સંદિગ્ધ બુદ્ધિ | યોગોદ્વહનના પ્રસંગથી | તેઓ અવ્યક્ત વાદી પણ કહેવાતા, શ્વેતિકાનગરીમાં થયા, ને રાજગૃહમાં બળભદ્ર રાજાથી બોધ પામ્યા. |
| ૪ | અશ્વમિત્ર | ૨૨૦ વર્ષે | ક્ષણિક વાદ | અનુપ્રવાદ પૂર્વના અધ્યયનથી | મિથિલાનગરીમાં લક્ષ્મીગૃહ ચૈત્યમાં મહાગિરિજીના શિષ્ય કૌડિન્યના શિષ્ય થયા. રાજગૃહમાં ખંડરક્ષક શ્રાવકોએ બોધ પમાડયો. |
| ૫ | ગઙ્ગાચાર્ય | ૨૨૮ વર્ષે | એક સમયે ઉપયોગ વાળી બે ક્રિયા હોય | નદી ઉતરવાનો એક પ્રસંગ | ઉલ્લુકાતીરમાં થયા, મહાગિરિજીના શિષ્ય ધનગુપ્તસૂરિજીના શિષ્ય હતા. રાજગૃહનગરમાં મણિનાગયક્ષે પ્રતિબોધ પમાડયો. |
| ૬ | રોહ ગુપ્ત | ૫૪૪ વર્ષે | ત્રિરાશિક મત | પરવાદી સાથે વાદનો પ્રસંગ | અન્તરંજીકા નગરીમાં થયા, બલશ્રી રાજાની સભામાં છ માસ સુધી ગુરુ સાથે વાદથયો.વિદ્યાબળનો ઉપયોગ તેવખતે વિશેષ હતો છેવટેપણ સુધર્યાનહિ.ષડુલૂક નૈયાયિકમતનાપ્રરૂપક |
| ૭ | ગોષ્ઠામાહિલ | ૫૮૪ વર્ષે | કર્મ અને આત્માના સમ્બન્ધ વિષે અને પ્રત્યાખ્યાન વિષે | અભિમાન અને પદવીની લાલસા | દશપુરનગરમાં થયા. શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજના સંસારી મામા થાય, શ્રી સીમંધરસ્વામી પાસેથી ખુલાસો આવ્યો છતાં ન સુધર્યા. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સાતે નિહ્નવોની હકીકતો ઘણી ગહન અને ગૂઢ છે, શ્રી જિનેશ્વર પ્રભુનાં ગંભીર વચનો સમજવા સહેલાં નથી. બહારના વિચારોનું દબાણ, મોહનીયનો ઉદય–મિથ્યાત્વનું જોર આત્માને એ વચનના યથાર્થ અર્થ સમજવા દેતા નથી; શ્રદ્ધાને ડોળી નાખે છે, આત્માની વિવેકદષ્ટિને ઝાંખી પાડે છે. અને તેથી આત્મા છતી શક્તિએ અને છતી બુદ્ધિએ મિથ્યા વિચારોમાં ફસાઈ જાય છે.

આ નિહ્નવોની વાતો અને વિચારણાઓ સમજીને એવી મિથ્યા વિચારણાઓમાં પોતાનો આત્મા ન ફસાઈ જાય તે માટે જાગ્રત રહેવું ને અવિચ્છિન્ન પ્રભાવશાલી ત્રિકાલાબાધિત શ્રી વીતરાગ પ્રભુના શાસનમાં અવિચલ શ્રદ્ધા ધારણ કરી મળેલ મનુષ્યજન્મને સાર્થક કરવો ને સદ્ગતિના ભાજન થવું. **સમાપ્ત.**

જામનગર, સંવત્ ૨૦૦૧ ના માર્ગશીર્ષ શુક્લ દ્વિતીયા

# એક રૂપેરી અક્ષરના કલ્પસૂત્રની પ્રશસ્તિ

સંગ્રાહક તથા સંપાદક—પૂજ્ય **મુનિમહારાજ શ્રી જયંતવિજયજી**

[ બીકાનેરવાલા યતિ શ્રી હિમ્મતવિજયજી પાસે રૂપેરી સ્યાહીથી લખેલ એક કલ્પસૂત્રની પ્રતિ છે. સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની પ્રતો ઘણે ઠેકાણે જોવામાં આવે છે, પણ રૂપેરી અક્ષરવાળી કલ્પસૂત્રની પ્રતો બહુ જાણીતી નથી. પ્રસ્તુત પ્રતના અંતે ૨૩ શ્લોક જેટલી લાંબી પ્રશસ્તિ આપી છે તે ઉપયોગી સમજીને અહીં આપવામાં આવે છે. આ પ્રશસ્તિમાં સંવત, વંશ, ગચ્છ વગેરેનો ઉલ્લેખ હોવા છતાં અને લહિયાનું નામ પણ આપવા છતાં ગ્રંથ કયા ગામમાં લખાયો એનો ઉલ્લેખ નથી મળતો. મૂળ પ્રશસ્તિના અંતે પ્રશસ્તિનો સાર આપવામાં આવ્યો છે. અંતમાં ગ્રંથ લખાયાના સંવત સંબંધમાં જે નોંધ લખી છે તે તરફ વિદ્વાનોનું ધ્યાન દોરવું ઉચિત લાગે છે. —જ. વિ. ]

**श्रीसिद्धार्थनरेशवंशजलधिप्रल्हादने सीतगु–**
**भव्यांभोजदिवाकरः सुरतरुवांछार्थसार्थप्रदेः (दः)।**
**कल्याणद्युतिदेहरोचिरुचिरः सन्मोक्षलक्ष्मीकरः**
**स श्रीवीरजिनाधिपो वत सुरो भूयान्मुदे वः सदा ॥१॥**

**नानानरप्रत्नसुरत्नशाली सद्धर्मकार्यावलिवीचिमाली ।**
**गंभीरधीरः कमलानिवासो समुद्रवद् भाति स ओसवंशः ॥२॥**

**जातौ श्री ओसवंशेऽस्मिन्नरौ धर्म्मद्वयोप्रमौ ।**
**आद्यो वीराभिधः श्राद्धः सूंटाख्यश्च द्वितीयकः ॥३॥**

**सूंटाभार्या दानसीलाद्युपेता, सहजलदेऽतिख्यातनामा प्रशस्या ।**
**तस्याः जातो रामसिंहेति पुत्र [:] धीरोदारो रोरवल्लोलवित्रः ॥४॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


यः सप्तक्षेत्र्यां निजवित्तबीजं, वपन् सदा सारपरोपकारम् ।
कृत्वा निजं जन्म च जीवितं च, साफल्यतां प्राप जनेषु कीर्तिम् ॥५॥
यात्रा श्रीरावणे तीर्थे संघेन सह निर्मिता ।
प्राप्तं तत्रैव येनाशु संघपतिपदं मुदा ॥६॥
श्रीमज्जेसलमेरुमौलिमुकटप्रायं जिनस्यास्पदं
निर्मायो(या)द्भुतजैनबिंबमतुलं संस्थापितं येन हि ।
श्रीशत्रुंजयरैवताद्रिशिखरे यात्रा कृता सोत्सवं
श्रीमानर्बुदशैलराजशिखरे लब्धा प्रतिष्ठाऽपि वै ॥७॥
श्रीपत्तने शांतिजिनेश्वरस्यालंकारसारं वरकांचनीयम् ।
निर्मापितं साधुवरेण रामसिंघेन चोद्यापनकप्रकृष्टम् ॥८॥
रामसिंगस्य तस्यासीत् भार्यायुगलमुत्तमम् ।
भाऊ प्राथमिका तत्रापरा माणिकदेविका ॥९॥
भाऊ कुक्षिसमुद्भूताः षडेते सूनवो वराः ।
आदिमो गुणराजाख्यस्तदन्यो वस्तुपालकः ॥१०॥
हेमाभिधः साधुवरस्तृतीयः हीरोपमो हीरकनामधेयः ।
जीयाह्वयाः श्राद्धवरस्तु पंचम[ः]षष्टः प्रथिष्टो नयणाभिधानः ॥११॥
माणिकदेसंभूता हांसीराणीति पुत्रिका प्रवरा ।
हीरांगना सुधर्म्मा लीलाइ सद्गुणोपेता ॥१२॥
सम्यक्त्वकाचकर्पूरवासवासितमानसा ।
लीलाइ श्राविका रम्या सी(शी)लालंकारभूषिता ॥१३॥
तत्कुक्षिपद्मिनीराजहंसोपमावुभौ सुतौ ।
राजपालसहजपालौ रंगाइपुत्रिका वरा ॥१४॥
चारित्राचारचतुरा चंद्रज्योत्स्नेव निर्मला ।
पुत्री द्वितीया साध्वीका चंद्रश्री इति नाम्निका ॥१५॥

॥ अथ गुर्वावली ॥

श्रीमत्खरतरगच्छे स्वच्छेऽभुवन्ननेकशो गुरवः ।
तदनुक्रमेण जातः सूरिवरः सूरिसमधीकः ॥१६॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रीउद्धोतनसूरिराजविदितः श्रीवर्द्धमानो गुरुः
श्रीमान् सूरिजिनेश्वरो समभवत् श्रीजिनचंद्रप्रभुः ।
तत्पट्टेऽभयदेवसूरिसुगुरुः श्रीमज्जिनाद्वल्लभो(भः)
सूरीशो जिनदत्तसूरिरभवचंद्राभिधः सूरिराट् ॥१७॥
ततोऽजनि श्रीजिनपतिसूरिर्जिनेश्वरो चाजितदेवसूरिः ।
जिनप्रबोधो जिनचंद्रसूरिः सूरिर्वरः श्रीकुशलाभिधान ॥१८॥
जिनपद्मसूरिजिनलब्धिसूरिजिनचंद्रसूरियोगीन्द्राः ।
श्रीमज्जिनोदयगुरुर्जिनवर्द्धनसूरियतिपतयः ॥१९॥
श्रीजिनचंद्रसूरिसुगुरुस्तत्पट्टोदयगिरौ सहस्रकरः ।
श्रीजिनसागरसूरिर्विराजते सूरिराजेन्द्रः ॥२०॥
निशम्य तेषां सहजोपदेशं हीरांगजेनाशु विवेकसेकतः ।
स्वमातृपुण्याय विचक्षणेन श्रीराजपालेन नरोत्तमेन ॥२१॥
तेषां वाणी श्रुत्वा हीरातनयेन राजपालेन ।
लक्षग्रंथेन युतं रजताक्षरमालिकाकलितम् ॥२२॥
श्रीकल्पपुस्तकमिदं तत्त्वयुगवेदब्रह्ममितवर्षे ।
संलेखितं प्रकामं नंद्याद् भूमंडलं यावत् ॥२३॥

॥ छ ॥ सं. १४९९ वर्षे भाद्रपदमासि शुक्लपंचम्यां श्रीखरतरगच्छे श्रीजिनसागरसूरिविजयराज्ये श्रीक्षमामूर्तिमहोपाध्यायोपदेशेन सा० हीराभार्या लीलाइ पुत्र राजपालसहजपालभ्यां रूप्याक्षरमयं श्रीकल्पपुस्तकं ॥ लिखितं सा० सोमाकेन ॥ छ ॥ शुभमस्तु ॥ छ ॥

## પ્રશસ્તિનો સાર

શ્રી વીરપરમાત્મા તમારું કલ્યાણ કરો !

ઓસવાલ વંશમાં વીરા અને સૂંટા નામના બે પુરુષો થયા. તેમાં સૂંટાની પત્ની સહજલદે નામની હતી. તેને રામસિંહ નામનો પુત્ર હતો. આ રામસિંહે સાતે ક્ષેત્રમાં પોતાના ધનનો સદ્વ્યય કર્યો હતો, અને સંઘસહિત શ્રી રાવણ×તીર્થની યાત્રા કરીને સંઘપતિપદ મેળવ્યું હતું. તેણે જેસલમેરમાં જિનમંદિર બંધાવીને અને શત્રુંજય, ગિરનાર અને આબુ-ગિરિરાજની યાત્રા કરીને કીર્તિ મેળવી હતી. તેણે શ્રીપત્તન (પાટણ)માં શાંતિનાથ પ્રભુની સોનાની આંગી રચાવી હતી અને મોટું ઉજમણું કર્યું હતું.

× આ રાવણતીર્થ તે કયું તીર્થ ?—એ ખ્યાલમાં આવતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રામસિંહને ભાઉ અને માણિકદેવી નામે બે પત્નીઓ હતી. પ્રથમ પત્ની ભાઉને ગુણરાજ, વસ્તુપાલ, હેમ (રાજ), હીરા, જીયા અને નયણસિંહ નામના છ પુત્રો હતા. અને બીજી પત્ની માણિકદેવીને હાંસીરાણી નામે એક પુત્રી હતી. ભાઉના પુત્ર હીરાને લીલાઈ નામે પત્ની હતી. હીરાની પત્ની લીલાઇને રાજપાલ અને સહજપાલ નામે બે પુત્રો અને રંગાઈ અને ચંદ્રશ્રી નામે બે પુત્રીઓ હતી.

**ગુરુપરંપરા**—શ્રી ખરતરગચ્છમાં શ્રી ઉદ્યોતનસૂરિ, શ્રી વર્દ્ધમાનસૂરિ અને શ્રી જિનચંદ્રસૂરિ થયા. તેમની પાટે શ્રી અભયદેવસૂરિ, શ્રી જિનવલ્લભસૂરિ, શ્રી જિનદત્તસૂરિ અને શ્રી(જિન)ચંદ્રસૂરિ થયા. ત્યારપછી શ્રી જિનપતિસૂરિ, જિનેશ્વરસૂરિ, અજિતદેવસૂરિ, જિનપ્રબોધસૂરિ, જિનચંદ્રસૂરિ અને (જિન) કુશલસૂરિ થયા. ત્યાર પછી જિનપદ્મસૂરિ, જિનલબ્ધિસૂરિ, જિનચંદ્રસૂરિ, જિનોદયસૂરિ અને જિનવર્ધનસૂરિ થયા. ત્યારપછી જિનચંદ્રસૂરિની પાટે **શ્રીજિનસાગરસૂરિ** થયા.

આ શ્રી જિનસાગરસૂરિના ઉપદેશથી હીરાના પુત્ર રાજપાલે વિ. સં, ૧૪૪૯ ના વર્ષમાં આ રૂપેરીઅક્ષરમય કલ્પસૂત્ર લખાવ્યું.

સં. ૧૪૯૯ ના વર્ષે ભાદરવા શુદિ પાંચમના દિવસે, શ્રી ખરતરગચ્છના શ્રી જિનરાજસૂરિના શાસનમાં શ્રીક્ષમામૂર્તિ મહોપાધ્યાયના ઉપદેશથી હીરાની ભાર્યા લીલાઈના પુત્ર રાજપાલ અને સહજપાલે રૂપેરી અક્ષરમય કલ્પસૂત્ર લખાવ્યું. સોમા નામના લહિયાએ આ પુસ્તક લખ્યું.

**નોંધ**—પ્રશસ્તિના ૨૨ અને ૨૩ મા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે આ રૂપેરી અક્ષરનું કલ્પસૂત્ર શ્રી જિનસાગરસૂરિના ઉપદેશથી હીરાના પુત્ર રાજપાલે તત્ત્વ (૯) યુગ (૪) વેદ (૪) અને બ્રહ્મ (૧) એ ૧૪૪૯ ના સાલમાં લખાવ્યું. જ્યારે પ્રશસ્તિના છેડે આપેલ ગદ્ય લખાણમાં જણાવ્યા મુજબ શ્રી જિનસાગરસૂરિના શાસનમાં ક્ષમામૂર્તિ મહોપાધ્યાયના ઉપદેશથી હીરાના પુત્ર રાજપાલ અને સહજપાલે આ સુવર્ણાક્ષરી કલ્પસૂત્ર સં. ૧૪૯૯ ની સાલમાં લખાવ્યું. આમ એક જ પ્રશસ્તિમાં એક ઠેકાણે સં. ૧૪૪૯ અને બીજે ઠેકાણે સં. ૧૪૯૯ એમ ૫૦ વર્ષના અંતરવાળા બે સંવતો મળે છે અને ઉપદેશ કરનાર મુનિવરોનાં નામ પણ જુદાં જુદાં મળે છે તે બહુ જ વિચારણીય છે. જો યુગનો અર્થ ૪ ના બદલે ૯ થાય તો સંવતનો આ ફેર મટી જાય; પણ યુગનો અર્થ ૯ થતો હોય એવું જાણવામાં નથી. એટલે આ બે સંવતોનો સમન્વય કરવો મુશ્કેલ છે.

---

## પૂજ્ય મુનિવરોને

શેષકાળમાં માસિક ગેરવલ્લે ન જતાં વખતસર મળતું રહે તે માટે પોતાનાં વિહારસ્થળો યથાસમય જણાવતા રહેવાની સૌ પૂજ્ય મુનિવરોને અમે વિનંતિ કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સમાચાર

**કાળધર્મ**—(૧) અમદાવાદમાં પોષ શુદિ ૧ ની રાત્રે ૧૧ા વાગે પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયકુસુમસૂરિજીમહારાજ કાળધર્મ પામ્યા.

(૨) ડભોઇમાં પોષ શુદિ ૯ના રોજ બપોરના ત્રણ વાગે પરમપૂજ્ય આચાર્યમહારાજ શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ-કાળધર્મ પામ્યા.

(૩) વેરાવલમાં પોષ વદિ ૧ ના રોજ પરમપૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી પ્રમોદ વિજયજી ( પન્નાલાલજી ) મહારાજ કાળધર્મ પામ્યા.

**અવસાન**—(૧) ભાવનગરમાં પોષ શુદિ ૧૧ ના રોજ વયોવૃદ્ધ શેઠશ્રી કુંવરજી આણંદજી ૮૧ વર્ષની વયે અવસાન પામ્યા.

(૨) અમદાવાદમાં શેઠશ્રી હીરાચંદ રતનચંદની પેઢીવાળા શ્રીયુત શેઠ શ્રી ચીમનલાલ લાલભાઈ, જેઓ સમિતિના હંમેશના સહાયક હતા, તેઓ પોષ વદિ બીજી નોમને સોમવારના રોજ ૬૦ વર્ષની વયે અવસાન પામ્યા.

**કતલખાનું બંધ**—તીર્થક્ષેત્ર આબુ ઉપર કતલખાનું કરવાનો થોડા સમય પહેલાં જે નિર્ણય કરવામાં આવ્યો હતો, તેનો અમલ કરવાનું જૈન તેમજ હિન્દુ ભાઇઓના ઉગ્ર વિરોધના કારણે, સરકારે બંધ રાખ્યાના સમાચાર મળ્યા છે.

## નવી મદદ

રૂ. ૧૫) પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી ઋદ્ધિસાગરસૂરિજીના સદુપદેશથી શ્રી સાગરગચ્છ કમિટિ, સાણંદ.

### જુના અંકો જોઇએ છે

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના નીચે જણાવ્યા મુજબના જૂના અંકો જોઇએ છે. જેઓએ અંકોમાંથી બની શકે તેટલા અંકો મોકલશે તેમને એ અંકોના બદલામાં યોગ્ય વળતર આપવામાં આવશે.

વર્ષ પહેલું—અંક ૨, ૩, ૭, ૮
વર્ષ બીજું—અંક ૨.
વર્ષ છઠ્ઠું—અંક ૧૧.
વર્ષ સાતમું—અંક ૫-૬
વર્ષ નવમું—અંક ૮-૯

**સૂચના:**—માસિક દર અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે, તેથી સરનામાના ફેરફારનાં ખબર બારમી તારીખ સુધીમાં અમને જણાવી દેવાં.

મુદ્રક:—મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬—ભક્તિમાર્ગ કાર્યાલય—અમદાવાદ. પ્રકાશક:—ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ—અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

**(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક**

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ.

**(૨) દીપોત્સવી અંક**

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંકઃ મૂલ્ય સવા રૂપિયો.

**(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક**

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંકઃ મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

**[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના** જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંકઃ મૂલ્ય **ચાર આના.**

**[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી** અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના **બે રૂપિયા,** પાકીના **અઢી રૂપિયા.**

## ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"×૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય **ચાર આના** ( ટપાલ ખર્ચનો દોઢ આનો ).

—લખો—

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**
**જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.**


For Private And Personal Use Only